આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




# સરોધીમાં રૂા. ૩૭.૧૫ લાખના ગાંજાની ખેતી ઝડપાઈ

## ૧૦ થી ૧૨ ફૂટ ઊંચાઈ ધરાવતા ગાંજાના ૭૪.૩૧ કિલોગ્રામના ૧૮ લીલા છોડ મળી આવ્યા : પોલીસે ગાંજાના છોડ ઉપરાંત કંટ્રોલ સેમ્પલ તરીકે માટીનો નમૂનો પણ જપ્ત કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લા પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એસઓજી દ્વારા પારડી તાલુકાના સરોધીગામમાં નાર્કોટિક્સ વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડા દરમિયાન ૭૪.૩૧૦ કિલોગ્રામ વજનના ગાંજાના ૧૮ લીલા છોડ મળી આવ્યા હતાં જેની અંદાજિત કિંમત રૂા. ૩૭,૧૫,૫૦૦ હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે જમીન માલિકને વોન્ટેડ જાહેર કરીને તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.



તા. ૯ જૂનના રોજ એસઓજી વલસાડ કેમ્પ-વાપી ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર ડી. ડી. પરમારને બાતમી મળી હતી કે પારડી તાલુકાના સરોધીગામના બરવાળી ફળિયામાં આવેલી એક જમીનમાં ગેરકાયદેસર રીતે ગાંજાના છોડની ખેતી કરવામાં આવી રહી છે. બાતમી અનુસાર આ જમીન હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલની માલિકીની હતી અને ત્યાં ગાંજાના છોડની દેખરેખ તથા માવજત જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ અમૃતભાઈ વારલી કરી રહ્યો હતો.બાતમી મળતા જ એસઓજીએ એનડીપીએસ એક્ટ હેઠળની તમામ કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી હતી. પોલીસ અધિકારીઓએ બાતમીની નોંધ ગુપ્ત રજિસ્ટરમાં કરી, ઉચ્ચ અધિકારીઓને જાણ કરી અને પંચ સાક્ષી તરીકે બે સરકારી કર્મચારીઓને બોલાવ્યા હતા. પંચોની હાજરીમાં પોલીસ ટીમે જરૂરી સાધનો અને સરકારી વાહનો સાથે દરોડાની કાર્યવાહી માટે રવાના થઈ હતી. બપોરે આશરે ૪.૧૨ વાગ્યે એસઓજીની ટીમ સરોધીગામના બરવાળી ફળિયા વિસ્તારમાં પહોંચતા એક જમીન પર સામસામે આવેલા બે શેડ વચ્ચેની ખુલ્લી જગ્યામાં શંકાસ્પદ ખેતી જોવા મળી હતી. સ્થળ પર હાજર એક યુવાનની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ અમૃતભાઈ વારલી (ઉ.વ. ૨૩) રહે. માની ગામ, તા. કપરાડા હોવાનું જણાવ્યું હતું પોલીસે તેને એનડીપીએસ એક્ટની કલમ ૫૦ મુજબના અધિકારો સમજાવ્યા બાદ સ્થળની તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન શેડની પાછળના ભાગમાં આશરે ૧૦ થી ૧૨ ફૂટ ઊંચાઈ ધરાવતા ગાંજાના ૧૮ લીલાછોડ મળી આવ્યા હતા. જીતેન્દ્રભાઈએ પણ પોલીસ સમક્ષ આ છોડ ગાંજાના હોવાનું સ્વીકાર્યું હતું

(અનુ. પા.નં. ૬ પર)



હવે ચોમાસુ માથે આવી ગયું છે અને આકાશમાં વાદળોનો ઘેરાવો પણ થવા માંડયો છે. વાતાવરણમાં સૂર્યનો આકરો તાપ પણ એને કારણે થોડો ધીમો પડયો છે. કયાંક છૂટાછવાયા વરસાદી છાંટાના સમાચાર પણ આવી રહ્યા છે ત્યારે લોકો અમીછાંટણા કયારે થાય એની રાહ જોતા થયા છે. દમણમાં રામસેતુ પર અરબી સમુદ્ર પરથી ઉઠી રહેલા વાદળોનો અદભુત નજારો સાંજે અનેરુ દૃશ્ય સર્જી રહયો છે. (તસવીર : પ્રદીપ ભાવસાર)

# ચીખલીના ખુંધમાં ગાંજા સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૦ :** ચીખલી પોલીસે ચીખલી - વાંસદા માર્ગ ઉપર આવેલ ખુંધ ખાડા વિસ્તારમાંથી પોલીસે બાતમી આધારે છાપો મારી લગ્ન સિઝનમાં ઓરકેસ્ટ્રામાં કેટલાક વાજિંત્રો વગાડનાર અને બાકીના સમયમાં રીક્ષા ચાલક મહમુદ બિન મહેશનબીન આરબ ઉ.વ. ૬૩ ના મકાનમાં તપાસ આદરતા આરોપીના મકાનમાંથી ૧.૫૪૨ કી. ગ્રામ ગાંજાનો રૂા. ૭૭.૧૦૦ ગાંજાનો જથ્થો કબજે કરી ધરપકડ કરી છે જ્યારે ગાંજાનો જથ્થો આપી જનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર બાતમીના આધારે પીઆઈ પીબી પટેલિયા તથા સર્વેન્સ સ્ટાફના માણસો સાથે સઘન ચેકિંગ કર્યુ હતું. અને આરોપી વિરુદ્ધ એનડીપીએસ એકટ મુજબ ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં ઉપરોક્ત ગાંજાનો જથ્થો સુરત જિલ્લાના બારડોલી તાલુકાના આફવા નહેર ફળીયા ખાતે રહેતા કરણ કમલેશ રાઠોડ નામનો શખ્સ આપી ગયો હોય એને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# ચલામાં ગાંજા સાથે ૧ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના અજીત નગર જૈન દેરાસર પાસેથી શંકાસ્પદ મોપેડ ચાલકની અટકાયત કરી તપાસ કરતા ૪૬૪ ગ્રામ ગાંજો મળી આવતા સલમાન અશરફ મુલ્લાં નામના ઈસમની અટકાયત કરી બાબુ રહે. સોમનાથ દમણનાને વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગઈકાલે સાંજે ૭:૩૦ કલાકે વાપી ચલાના અજીત નગર ખાતે આવેલ જૈન દેરાસરની બાજુના રસ્તા ઉપરથી પસાર થતું એક ટીવીએસ જુપીટર મોપેડ નંબર **GJ-15-DR-7773** પર સવાર બે ઈસમો શંકાસ્પદ લાગતા બંનેને વાપી ટાઉન પોલીસે રોકી મોપેડની ડીકીમાં તપાસ કરતા ૪૬૪ ગ્રામ ગાંજો કિંમત રૂા. ૨૩,૨૦૦ મળી આવ્યા હતાં. જેને લઈ મોપેડ સવાર સલમાન અશરફ મુલ્લાં ઉંમર વર્ષ ૨૨, હાલ રહે. દમણ મૂળ રહે. ગીતાનગર, ગુજરાતી સ્કૂલની પાસે નાની અટકાયત કરી વાપી ટાઉન પોલીસ મથકમાં લાવવામાં આવ્યો હતો અને તેની સાથે રહેલ બાબુ નામનો ઈસમ રહે. સોમનાથ દમણનાને વોન્ટેડ જાહેર કરાયો છે. આ અંગે વાપી ટાઉન પોલીસે તાત્કાલિક એફએસએલની ટીમ બોલાવી મળી આવેલ શંકાસ્પદ ગાંજાનું પરીક્ષણ શરૂ કરાયું છે

# વાપીમાં ચોમાસા પહેલાં માર્ગની મરામત શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી મનપા દ્વારા આગામી ચોમાસાને ધ્યાનમાં લઈ માર્ગોની મરામત શરૂ કરી છે. વાપીમાં ચોમાસા દરમિયાન વાહન ચાલકોને હાલાકી ભોગવવી ન પડે તે માટે મનપા તંત્ર દ્વારા વાહનોની સતત અવર જવર ધરાવતા કેટલાક મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો જે ખખડધજ હોય ત્યાં પેચવર્ક શરૂ કરવામાં આવ્યું છે.

જેમાં ગત રોજ વાપી પશ્ચિમમાં જીએસટી ભવનથી ઝંડાચોક સુધી જતાં માર્ગ પર જ્યાં કેટલાક સ્થળે પેવર બ્લોક ઉખડી ગયા હતાં એવા સ્થળે ડામર પાથરી રોડ સમતળ કરવામાં આવ્યો હતો.

# પારનેરા હાઈવે પર એકે બ્રેક મારતાં પાછળ ૮ વાહનો ધડાધડ ભટકાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડના નેશનલ હાઈવે નં ૪૮ પર આવેલા ચણવઈ ઓવરબ્રિજ આજે એક વાહને બ્રેક મારતા હાઈવે પર એક પછી એક ૮ જેટલા વાહનો એકબીજા સાથે ધડાધડ અથડાયા હતા. આટલા વાહનો સાથે અકસ્માત થયા બાદ પણ તમામ મુસાફરોનો ચમત્કારી બચાવ થયો છે. વલસાડના પારનેરાગામમાંથી પસાર થતો નેશનલ હાઈવે ૪૮ પર ચણવઈ ઓવરબ્રિજ પરથી આજરોજ હાઈવે પરથી પસાર થઈ રહેલ એક વાહન ચાલકે અચાનક બ્રેક મારી દીધી હતી. હાઈવે પર પૂર ઝડપે દોડતા આવતા અન્ય વાહન ચાલકો કંઈ સમજે તે પહેલાં જ, એક પછી એક એમ કુલ ૮ જેટલા વાહનો પાછળથી ધડાધડ અથડાઈ પડ્યા હતા. એક સાથે અથડાયેલા આઠ વાહનોમાંથી ૪ જેટલા વાહનોને મોટું નુકસાન થયું છે. કારનો કચ્ચરઘાણ વળી ગયા હતા. જોકે, સદનસીબે આ તમામ વાહનોમાં સવાર લોકોનો ચમત્કારી બચાવ થયો છે, અકસ્માત બાદ કોઈ મોટી જાનહાની નહીં થતા વાહન ચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માતને પગલે નેશનલ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને હાઈવે પરથી હટાવી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો www.damangatimes.com**

# રોલામાં વિકાસકાર્યોમાં ગેરરીતીની તપાસનો રિપોર્ટ સોંપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ તાલુકાના રોલાગામમાં ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ અને સભ્યો દ્વારા વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓ આચરવામાં આવી હોવાની ફરિયાદ મોહનભાઈ ગુલાબભાઈ પટેલ દ્વારા વલસાડ જિલ્લા કલેકટરને કરવામાં આવી હતી. ગંભીર ફરિયાદ બાદ જિલ્લા વિકાસ અધિકારી વલસાડની સૂચનાથી રચાયેલી તપાસ સમિતિ દ્વારા વલસાડ વિસ્તરણ અધિકારી કપરાડા અને નાનાપોંઢા તાલુકા પંચાયત અ.મ.ઈ. નાયબ ચીટનિશ જિલ્લા પંચાયત વલસાડ અલગ અલગ તપાસ સમિતિની ટીમો બનાવી સ્થળ તપાસ કરીને એક વિસ્તૃત 'તપાસ અહેવાલ' તૈયાર કરવામાં આવ્યો છે. અધિકારીઓની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવેલી ભૌતિક અને રેકોર્ડ આધારિત તપાસ કરવામાં આવી છે. જેમાં પંચાયતના વિવિધ ગ્રાન્ટના કામોના કમ્પ્લીશન સર્ટિફિકેટમાં એકની બોગસ સહીઓ કરવામાં આવી હોવાની વિગત તપાસ દરમિયાન સામે આવી છે. ગામના સુંદર ફળિયામાં રમેશભાઈ લક્ષ્મણભાઈના ઘર પાસે બોર બનાવવાનું કામ મંજૂર થયું હતું, પરંતુ ત્યાં જમીનનો વિવાદ હોવાથી તે કામ અંદાજે ૨૦ મીટર દૂર અન્ય વ્યક્તિના ઘર પાસે કરી દેવાયું હોવાનું સામે આવ્યું છે.

રોલા ગામના ભીમ ફળિયામાં અંબામાતાના મંદિરથી હાઈવે સુધી નાળા ગટરના કામ માટે અલગ-અલગ યોજના હેઠળ ટુકડે-ટુકડે બે ભાગમાં કામો દર્શાવવામાં આવ્યા છે. ભાગલ ફળિયામાં વરસાદી પાણીના નિકાલ માટે રૂા. ૧.૭૫ લાખના ખર્ચે બનેલી નાળા ગટર રેલવે ઓવરબ્રિજના કામ દરમિયાન નીકળી ગઈ હોવાનું પંચોએ જણાવ્યું છે.

સ્મશાન આગળ તાર કમ્પાઉન્ડની દિવાલ ઉપર એન્ગલ છે પરંતુ તાર જોવા મળ્યા નથી.

આ સમગ્ર મામલે વિસ્તરણ અધિકારી (પંચાયત) વલસાડ, મદદનીશ ગ્રામ્ય ઈજનેર (કપરાડા/નાનાપોંઢા) અને નાયબ ચીટનીશ (જિલ્લા પંચાયત વલસાડ)ની બનેલી તપાસ સમિતિએ પોતાનો સંયુક્ત અહેવાલ જરૂરી કાર્યવાહી અર્થે જિલ્લા વિકાસ અધિકારી વલસાડને સુપ્રત કરવામાં આવ્યો છે.






# સ્થાનિક સમાચારો

VAPI PAGE 02

Thursday 11, June 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


# અજરાઈમાં સરકારી તળાવના ખોદકામનું રૂા. ૧૦.૭૯ કરોડનું ટેન્ડર રદ



## ટેન્ડરની શરતો મુજબ ૨૫ ટકા રકમ સમયસર જમા ન કરાતા ગ્રામપંચાયતનો નિર્ણય, પ્રક્રિયા ફરી હાથ ધરાય તેવી ચર્ચા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૦ :** ગણદેવી તાલુકાના અજરાઈ ગામે સરકારી તળાવને ઊંડું અને સમથળ બનાવવા માટે માટી ખોદાણ માટે રૂ.૧૦.૭૯ કરોડની આવક આપનાર ટેન્ડર પ્રક્રિયામાં મહત્વનો વળાંક આવ્યો છે. સૌથી ઊંચું ટેન્ડરનાં ઈજારદાર દ્વારા ટેન્ડરની શરતો મુજબ નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી રકમ જમા ન કરાતા અજરાઈ ગ્રામપંચાયતની ખાસ સામાન્ય સભામાં મંગળવારે સર્વાનુમતે ટેન્ડર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે નિર્ણય સામે અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા.

ગણદેવી નાં અજરાઈ ગામે સરકારી બ્લોક નં. ૨૨૪માં સમાવિષ્ટ ૪૨.૩૨ વિંઘા ક્ષેત્રફળ ધરાવતા તળાવને ઊંડું અને સમથળ કરવા માટે માટી ખનન માટે ગત ૨૦ મે, ૨૦૨૬ના રોજ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ૩૦મે ૨૦૨૬ના રોજ ટેન્ડરો ખોલવામાં આવતા સૌથી ઊંચું ટેન્ડર શ્રી કે.કે. એન્ટરપ્રાઈઝ (વિશાલ હરીશભાઈ આહીર)નું વિંઘા દીઠ રૂા.૨૫.૫૦ લાખનું આવ્યું હતું. આ ટેન્ડર મુજબ ગ્રામપંચાયતને કુલ રૂા. ૧૦,૭૯,૧૬,૦૦૦ની આવક થવાની હતી. નિયમ મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં ઈજારદારે કુલ રકમના ૨૫ ટકા એટલે કેરૂા.૨,૬૯,૭૯,૦૦૦ ગ્રામપંચાયત ખાતે જમા કરાવવાના હતાં. જોકે, ઈજારદાર પાસે જરૂરી રકમ ઉપલબ્ધ ન હોવાથી પાંચ દિવસની વધારાની મુદત માગવામાં આવી હતી. ગ્રામજનોની રજૂઆતને ધ્યાનમાં રાખીને પંચાયતે મુદત વધારી આપી હતી.

તે છતાં ઈજારદારે માત્ર રૂા. ૨૫ લાખ જમા કરાવી વધુ સમયની માંગણી કરી હતી. આ મુદ્દે મંગળવારે મળેલી અજરાઈ ગ્રામપંચાયતની ખાસ સામાન્ય સભામાં ચર્ચા કરવામાં આવી હતી. સભાએ નોંધ્યું હતું કે ઈજારદારે ટેન્ડરની શરતો અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં ૨૫ ટકા રકમ જમા કરાવી નથી. જેના આધારે



સભાએ સર્વાનુમતે ટેન્ડર રદ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો. સાથે જ ઈજારદાર દ્વારા અગાઉ જમા કરાવાયેલી રકમ પરત આપવાની સત્તા સરપંચ અને તલાટી કમ મંત્રીને સોંપવામાં આવી હતી.

અજરાઈ ગ્રામપંચાયતને ટેન્ડર પ્રક્રિયા દરમિયાન ૮ થી ૧૦ જેટલા ટેન્ડરો પ્રાપ્ત થયા હતા. તેમાં સૌથી ઊંચું ટેન્ડર વિંઘા દીઠ રૂ.૨૫.૫૦ લાખ, બીજા ક્રમે રૂ.૧૭.૫૫ લાખ અને ત્રીજા ક્રમે રૂ.૧૪ લાખનું હતું. પ્રથમ અને બીજા ક્રમના ટેન્ડર વચ્ચે નોંધપાત્ર રકમનો તફાવત હોવાથી હવે પંચાયત દ્વારા નવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

### ગ્રામપંચાયતને રૂ.૧૦,૭૯,૧૬૦૦૦ની આવક મળવાની હતી

અજરાઈના ૪૨.૩૨ વિંઘા વિસ્તાર ધરાવતા સરકારી તળાવ માટે વિંઘા દીઠ રૂ.૨૫.૫૦ લાખના દરે મંજૂર થયેલા ટેન્ડરથી ગ્રામપંચાયતને અંદાજે રૂ.૧૦.૭૯ કરોડની આવક થવાની હતી. ઈજારદાર દ્વારા આશરે રૂ.૮૫ લાખ જેટલી રકમ પણ જમા કરાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. જોકે, સમયમર્યાદા વધુ લંબાવવાને બદલે ટેન્ડર રદ કરાતા ગામમાં વિવિધ ચર્ચાઓએ જોર પકડ્યું છે. કોઈક નાં દબાણ હેઠળ નિર્ણય લેવાયો કે કેમ નહી પ્રશ્નો ચર્ચાઈ રહ્યાં છે.

# આજે આહવામાં રોજગાર ભરતી મેળો યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૧૦ :** ડાંગ જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગારી મળે તે માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ દ્વારા રોજગાર ભરતી મેળાના માધ્યમથી ભરતી કરવા માટે રોજગાર ભરતીમેળાનું આયોજન તા. ૧૧ જુન ૨૦૨૬ ગુરૂવારના રોજ ડો. આંબેડકર ભવન હોલ ખાતે જિલ્લા રોજગાર વિનિમય કચેરી આહવા-ડાંગ તેમજ આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત સરકાર) દ્વારા કરવામાં આવેલ છે. જેમા ધોરણ ૧૦, ૧૨ પાસ, આઈ.ટી.આઈ, સ્નાતક, ડીપ્લોમાં ની લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુ ઉમેદવારો આ રોજગાર ભરતીમેળામાં ઉપસ્થિત રહી શકશે. વય મર્યાદા ૧૮ થી ૩૫ ની રહેશે. આ રોજગાર ભરતી મેળામાં ખાનગીક્ષેત્રના નોકરી દાતાઓ હાજર રહી તેમની ખાલી જગ્યાઓ માટે સ્થળ પર પ્રાથમિક પસંદગી કરનાર છે.

આ રોજગાર ભરતી મેળામાં ટાટા મોટર્સ લી./એમ. આર એફ ટાયર્સ લી. ખાલી જગ્યાઓની વિગત- વિવિધ ટેકનીકલ જગ્યાઓ તેમજ એપ્રેન્ટીસ માટે ભરતીઓ કરશે. તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ ૩થી ૪ નકલ બાયોડેટા સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. આ રોજગાર ભરતી મેળામાં રોજગાર કચેરી ખાતે નામ નોંધણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભાગ લઈ શકશે. તેમજ વધુ માહિતી માટે વેબસાઈટ www.anubandham.gujarat.gov.in, www.ncs.gov.in અને સંપર્ક માટે હેલ્પલાઈન નંબર ૦૨૬૩૧ ૨૨૦૩૯૩ ઉપર સંપર્ક સાધવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી આહવા-ડાંગની એક અખબારી યાદિમાં જણાવાયું છે.

# ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ પરિસરમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૧૦ :** વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગણદેવી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ.ના પરિસરમાં સામાજિક વનીકરણ વિભાગના સહયોગથી એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રકૃતિના જતન અને પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે યોજાયેલા કાર્યક્રમમાં પરિસરમાં વિવિધ રોપાઓ વાવીને હરિયાળી ક્રાંતિ તરફ વધુ એક ડગ માંડવામાં આવ્યું હતું. જે અંતર્ગત આગામી સમયમાં કુલ ૧૫૦૦ વૃક્ષો રોપવાનો ભગીરથ સંકલ્પ લેવાયો છે. પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીના સાચા અર્થને સાર્થક કરતા આ પ્રસંગે સંસ્થાના ચેરમેન અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સહિત મેનેજીંગ ડિરેક્ટર રાજીવકુમાર ગુપ્તા, ઓએસ મુકેશભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ સાથે મળીને પર્યાવરણ બચાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૧૧-૦૬-૨૦૨૬, **વાર :** ગુરુવાર **તિથિ :** જેઠ, અગિયારસ **સૂર્યોદય :** ૦૫ : ૪૫ **સૂર્યાસ્ત** ૨૦ :૧૩, **ચંદ્રોદય** - ૦૫:૪૫ **ચંદ્રાસ્ત** - ૦૪:૫૦ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - ઉત્તરઅષાઢા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો થશે. તમે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં સફળ થશો. નવી તક મળી શકે છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આ સમય તમારા માટે અનુકૂળ છે. આર્થિક રીતે મજબૂત સ્થિતિ બનશે અને આવકના નવા સ્ત્રોત ખુલશે.

**મિથુન(ક.છ.ઘ) :** પરિવાર સાથેનો સમય આનંદદાયક રહેશે. ઘરમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. લાંબા સમયથી ચાલતી કોઈ સમસ્યાનો ઉકેલ મળી શકે છે.

**કર્ક(ડ.હ) :** આજે સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ સાવચેતી રાખો. કામકાજમાં ભાગદોડ વધી શકે છે, જેનાથી થાક અનુભવશો.

**સિંહ(મ.ટ.) :** આર્થિક લાભની મજબૂત શક્યતા છે. રોકાણ માટે દિવસ અનુકૂળ છે, ખાસ કરીને લાંબા ગાળાના પ્લાન માટે. અટકેલી રકમ પાછી મળી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે રચનાત્મક અને કલાત્મક પ્રવૃત્તિઓમાં રસ વધશે. તમારી પ્રતિભા લોકો સુધી પહોંચશે. કાર્યસ્થળ પર પ્રતિષ્ઠા અને માન-સન્માન વધશે.

**તુલા (ર.ત.) :** ભાગ્યનો સંપૂર્ણ સાથ મળશે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થશે. મુસાફરીનો યોગ બની શકે છે, જે ફાયદાકારક સાબિત થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** ભાગ્યનો સંપૂર્ણ સાથ મળશે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થશે. મુસાફરીનો યોગ બની શકે છે, જે ફાયદાકારક સાબિત થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** દિવસ સામાન્ય રહેશે. કામકાજમાં સ્થિરતા રહેશે, પરંતુ કોઈ મોટા ફેરફાર નહીં થાય.

**મકર(જ.ખ) :** શત્રુઓ પર વિજય મળશે અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળવાની શક્યતા છે.

**કુંભ(ગ.શ.સ.) :** વિદ્યાર્થીઓ માટે ઉત્તમ દિવસ છે. અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત રહેશે અને સારા પરિણામ મળશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ઘરમાં કોઈ શુભ કાર્ય અથવા ઉજવણીનું આયોજન થઈ શકે છે.

# ચીખલી તાલુકાના ગામોમાં અરજદારોને તલાટીઓ ગાંઠતા નથી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૦ :** ચીખલી તાલુકામાં જન્મ મરણના દાખલા કઢાવવા માટે જે તે ગ્રામ પંચાયતના તલાટીઓ દ્વારા અરજદારોને ધક્કા ખવડાવી રહ્યા છે. અને દાખલા ન કાઢી આપતા અરજદારોને સરકારી કામોમાં રૂકાવટ આવી રહી છે. ચીખલી તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો રહ્યો છે. ત્યારે આ તાલુકામાં રહેતા આદિવાસી પરિવારો દ્વારા ઘરમાં માતા-પિતા કે દાદા દાદી મરણ ગયેલ હોય તેની નોંધ જે તે સમયે ગ્રામ પંચાયત દફતરે ન કરાતા અને હાલમાં સરકારી કામકાજ કરવા માટે તેમજ જમીનની નોંધણી કરાવવા માટે મરણના દાખલાની ખાસ જરૂરીયાત રહેતી હોય ત્યારે ગામે ગામ અરજદારો દ્વારા કાયદાની પ્રોસેસ પૂર્ણ કરી ગ્રામ પંચાયત દફતરેથી મરણના દાખલા તેમજ નોટિસો કાઢવાની રહેતી હોય છે. પરંતુ કેટલાક ગ્રામ પંચાયતના તલાટીઓ દ્વારા અરજદારોને યેન કેન પ્રકારે ગ્રામ પંચાયત કચેરીએ ધક્કા ખવડાવી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ જનતા ડે ના દિવસે પણ તલાટીઓ ગ્રામ પંચાયત કચેરીએ હાજર રહેતા નથી. ત્યારે નવસારી જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ચીખલી તાલુકાના ગામોમાં ફરજ બજાવતા તલાટીઓની શાન ઠેકાણે લાવે તે અતિ જરૂરી રહ્યું છે.

# ચીખલીમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૦ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના અનુસંધાને રાજ્યભરમાં સ્વચ્છ ગામ થકી સ્વચ્છ જિલ્લા, સ્વચ્છ રાજ્ય અને સ્વચ્છ દેશના સંકલ્પને સાકાર કરવા માટે સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત આજે ચીખલી ગામ ખાતે યોજાયેલી સ્વચ્છતા ઝુંબેશમાં રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી કુટિર અને ગ્રામ ઉધોગ મંત્રી નરેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ સ્વયં શ્રમદાન કરી સફાઈ અભિયાનમાં સક્રિય સહભાગીતા નોંધાવી હતી તેમજ ઉપસ્થિત ગ્રામજનો અને ગ્રામજનોને સ્વચ્છતા, પર્યાવરણ જતન અને સામૂહિક જવાબદારી અંગે જાગૃત કરી સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કર્યા હતાં.


આ અભિયાન અંતર્ગત ચીખલી બસ સ્ટેન્ડ, મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, બજારો તથા શેરીઓમાં વ્યાપક સફાઈ હાથ ધરવામાં આવી હતી. ગ્રામજનોમાં પ્લાસ્ટિક પ્રદૂષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકના કચરાનું મોટા પ્રમાણમાં સંકલન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, નવસારી જિલ્લામાં તા.૦૮ જૂનથી શરૂ થયેલી વિશેષ ઉજવણી આગામી તા. ૨૧ જૂન સુધી ચાલનાર છે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા સપ્તાહ ઉપરાંત પ્રગતિપથ યાત્રા, જનકલ્યાણ શિબિરો, પ્રાકૃતિક ખેતી કાર્યશાળાઓ તથા વિશ્વ યોગ દિવસ જેવા અનેકવિધ જનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે.

## વાંસદાના અર્પણ ચૌધરીએ પર્વતારોહણમાં ગુજરાતનું ગૌરવ વધાર્યુ

# કેવડીના યુવાને NIMAS નો સ્પેશિયલ એડવેન્ચર કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૦ :** દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના કેવડી ગામના યુવાન અને રાજપીપળાની સી.પી. ડિગ્રી કોલેજના એનસીસી કેડેટ અર્પણ ચૌધરી (એફ.વાય. બી.પી.ઇ.એસ.)એ અરુણાચલ પ્રદેશના દિરાંગ ખાતે આવેલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ (NIMAS)માં યોજાયેલા સ્પેશિયલ એડવેન્ચર કોર્સ નં. ૦૬ને સફળતાપૂર્વક પૂર્ણ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં કોર્સ પૂર્ણ કરીને પરત ફરેલા અર્પણ ચૌધરીએ હિમાલય પ્રત્યેના પોતાના પ્રેમ અને સાહસિકતાનો પરિચય આપતાં ભવિષ્યમાં ફરી હિમાલય સર કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. હિમાલયની ઊંચી શિખરો પર ત્રિરંગો લહેરાવવાનો અનુભવ તેમના માટે ગૌરવ અને દેશભક્તિથી ભરપૂર રહ્યો હતો. કોર્સ દરમિયાન અર્પણે વોલ ક્લાઈમ્બિંગ, રોપ ઓબ્સ્ટેકલ ટ્રેનિંગ, રિવર ક્રોસિંગ અને ટ્રેકિંગ જેવી વિવિધ સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ખાસ કરીને એશિયાની સૌથી ઊંચી ૨૨ મીટરની આર્ટિફિશિયલ ક્લાઈમ્બિંગ વોલ પર તાલીમ મેળવી તેમણે પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

ફત્પ્ખ્ખ્ખ ખાતે સ્કુબા ડાઈવિંગ, પેરાગ્લાઈડિંગ, રાફ્ટિંગ, પેરામોટર ગ્લાઈડિંગ તેમજ માઉન્ટેન ટેરેન બાઈકિંગ જેવા વિવિધ એડવેન્ચર કોર્સનું પણ આયોજન કરવામાં આવે છે, જેમાં દેશભરના યુવાનોને વિશેષ તાલીમ આપવામાં આવે છે.

વિશેષ લેફ્ટનન્ટ ડૉ. વિજય પટેલે જણાવ્યું હતું કે અર્પણ ચૌધરીએ પોતાના સાહસ અને સમર્પણથી પ્રેરણાદાયી કાર્ય કર્યું છે. હિમાલયમાં ત્રિરંગો લહેરાવતાં તેમના મનમાં દેશપ્રેમ અને ઉત્સાહની અનોખી લાગણી જોવા મળી હતી.

NIMASના ડાયરેક્ટર તથા ટીમ લીડર કર્નલ રનવીર સિંહ જામવાલના માર્ગદર્શન હેઠળ તાલીમ યોજાઈ હતી. કર્નલ જામવાલે ભારતના તમામ ૨૮ રાજ્યોના સર્વોચ્ચ પર્વતો પર ત્રિરંગો ફરકાવી હર શિખર તિરંગા મિશન પૂર્ણ કરીને અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. અર્પણે જણાવ્યું કે NIMASમાં તાલીમની ઉત્તમ વ્યવસ્થા છે અને ૬૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું આ સંસ્થાન કુદરતી સૌંદર્યથી ભરપૂર છે,. અર્પણ ચૌધરીની આ સિદ્ધિ બદલ પુરાણી પરિવાર, ગુજરાત વ્યાયામ પ્રચાર મંડળ, સી.પી. ડિગ્રી કોલેજના આચાર્ય મેજર ડૉ. ભાવેશ દેવતા તેમજ શિક્ષકગણ અને શુભેચ્છકોએ તેમને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.

# વિરાવળ - પૂર્ણા નદી પુલ એસટી માટે પુનઃ ચાલુ કરવા મેયરને રજુઆત

**ખેરગામ, તા. ૧૦ :** નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયાએ ખેરગામની મુલાકાત લીધી હતી. ખેરગામ ખાતે પણ આપનું આગમન થતાં તાલુકામાંથી અનેક મિત્રો મહાનુભાવોના આશીર્વાદ શુભકામના મેળવી જનપ્રિય સંબોધન કરી છેવાડાના માનવીની કાળજી લેનાર નેતા તરીકે સૌને પરિણામલક્ષી કામગીરીની આશા જગાવી હતી. જે સંદર્ભમાં ખેરગામના જાગૃત પત્રકારે છેલ્લા ૧૧ મહિનાથી જોડિયા શહેર નવસારી સુરતના લાખો દૈનિક પ્રવાસીઓ જે ત્રાસ ભોગવી રહ્યા છે તેમાંથી મુક્તિ અપાવવા માટેની રજૂઆત ધર્મેશ ભરુચા દ્વારા કરી હતી. સુરત અને નવસારી બે ટ્વીન સીટીનો વિકાસપુરુષ માનનીય મોદી સાહેબ ઝડપી પ્રગતિ કરી રહ્યા છે. જેનો વિરાવળ પૂર્ણા નદી પુલ એસટી માટે પુનઃચાલુ કરાવવા નમ્ર અરજ કરી હતી.

૫૭ વર્ષ જુનો પુલ જર્જરિત થયો નથી, છતાં તેને તૂટી પડેલા બિસ્માર અતિ ઊચા ગંભીરા-પાદરા મુજપુર સાથે જોડી ગાંધીનગર સર્કલે પુઅર જાહેર કરી જનતાને છેલ્લા ૧૧ મહિનાથી ભારે ત્રાસ આપી રહ્યા છે. આ પુલ બીજા ૨૦-૨૫ વર્ષ ટકી શકે એવો હોવાનુ ચર્ચાય છે. જેથી પ્રજાકીય સમસ્યા હોય અંગત રસ લઈને પુલનુ જાત નિરીક્ષણ કરી સંબંધીતો સાથે ચર્ચા વિચારણા કરી, સતત અડધો કલાક એકની પાછળ એક ૨૫-૩૦ ટનના ડમ્પર સામસામે દોડાવી પુલની હાલત જાણવા કોશિશ કરશો તો તમામ અતિ ભારે વાહનો વિનાના વાહનો( એસટી બસ) માટે પુલ સક્ષમ હોવાનો આપને અનુભવ થશે.

# માહલા એસ.એસ. કોલેજમાં એથર ઈન્ડસ્ટ્રીઝ લિ. દ્વારા મેગા મેડિકલ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૦ :** ડાંગ જિલ્લાનાં અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોમાં આરોગ્ય તથા શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર સેવાઓ પહોંચાડવાના હેતુથી એથર ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ સુરત દ્વારા નવી પહેલ હાથ ધરવામાં આવી છે. એથર ઈન્ડસ્ટ્રીઝનાં માર્ગદર્શન હેઠળ ડાંગનાં વઘઈ તાલુકાનાં કૂકડનખી ગામ સ્થિત આવેલ એસ.એસ. માહલા કોલેજ ખાતે ગરીબ, જરૂરિયાતમંદ અને આદિવાસી પરિવારો માટે વિશાળ મેગા મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કેમ્પનું આયોજન એથર ઈન્ડસ્ટ્રીઝનાં દીપકભાઈ મહેતાનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યુ હતું. આ મેડિકલ કેમ્પમાં આશરે ૧૦૦થી વધુ લોકોએ પોતાના સ્વાસ્થ્યની તપાસ કરાવી અને નિષ્ણાત તબીબોની સેવાઓનો લાભ લીધો હતો. લોકોને શ્રેષ્ઠ આરોગ્યસેવા ઉપલબ્ધ થાય તે માટે વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોક્ટરોની ટીમ ઉપસ્થિત રહી હતી.તેમાં જનરલ ફિઝિશિયન, આંખના નિષ્ણાત, દંતચિકિત્સક તેમજ





ચામડીના રોગોના નિષ્ણાત ડોક્ટરોનો સમાવેશ થતો હતો.

ઉપરાંત હૃદય સંબંધિત પ્રાથમિક તપાસ માટે ઈસીજી (ECG) મશીનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના કારણે ગ્રામજનોને સ્થળ પર જ જરૂરી તબીબી માર્ગદર્શન મળી શક્યું હતુ.ખાસ કરીને આંખોની તપાસ દરમિયાન દૃષ્ટિદોષ ધરાવતા લોકોને વિના મૂલ્યે નંબરવાળા ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ સુવિધાથી અનેક લોકોને તાત્કાલિક રાહત મળી હતી અને ગ્રામજનોએ આ સેવાકીય કાર્યની પ્રશંસા કરી હતી.ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે આયોજિત આ કેમ્પને સ્થાનિક લોકો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો.

અહી ઉપસ્થિત ગ્રામજનોએ અને આગેવાનોએ એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓથી ગ્રામ્ય અને આદિવાસી સમાજના આરોગ્ય સ્તરમાં નોંધપાત્ર સુધારો થશે. આવનાર દિવસોમાં કંપનીના આ પ્રયાસો ગ્રામ વિકાસ, આરોગ્ય જાગૃતિ અને શિક્ષણના પ્રસાર માટે પ્રેરણારૂપ અને લાભદાયી બનશે.

# દમણ રેડિયો

આકાશવાણી

102.3 FM

ગુરુવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 6 | 4 | 9 | | 7 | |
| | | 3 | | | | 9 | | |
| 9 | | | | 5 | | | | 8 |
| 7 | 4 | | 1 | | 3 | | 2 | 5 |
| | | | | | | | | |
| 3 | 2 | | 8 | | 7 | | 4 | 9 |
| 4 | | | | 7 | | | | 6 |
| | | 1 | | | | 4 | | |
| | 8 | | 4 | 3 | 5 | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 5 | 9 | 4 | 2 | 8 | 3 | 7 |
| 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 | 4 |
| 4 | 8 | 9 | 3 | 1 | 7 | 6 | 5 | 2 |
| 9 | 6 | 3 | 1 | 2 | 5 | 7 | 4 | 8 |
| 7 | 4 | 1 | 8 | 3 | 9 | 2 | 6 | 5 |
| 8 | 5 | 2 | 4 | 7 | 6 | 3 | 9 | 1 |
| 2 | 9 | 4 | 7 | 6 | 1 | 5 | 8 | 3 |
| 1 | 7 | 6 | 5 | 8 | 3 | 4 | 2 | 9 |
| 5 | 3 | 8 | 2 | 9 | 4 | 1 | 7 | 6 |

# ચીવલના દિવ્યાંગ બાલુભાઈ માટે સ્થાનિક યુવાનો ઘર નિર્માણમાં જોડાયા

## સરકારી યોજનાઓ અને સામાજિક જવાબદારી અંગે પણ પ્રશ્નો ઉઠ્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૦ :** નાનાપોંઢા નજીક આવેલા ચીવલ નાકા ફળીયામાં રહેતા દિવ્યાંગ બાલુભાઈ નાયક માટે સ્થાનિક આગેવાનો અને સેવાભાવી યુવાનો દ્વારા માનવતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આશરે ૪૮ વર્ષીય બાલુભાઈએ ધોરણ-૪ સુધી અભ્યાસ કર્યો હતો, પરંતુ બાળપણમાં જ દ્રષ્ટિ ગુમાવતાં જીવન સંઘર્ષમય બની ગયું હતું. લગભગ ૧૦ વર્ષની ઉંમર બાદ તેમની આંખોની રોશની જતી રહી હતી. હાલમાં તેઓ એકલા રહે છે, જ્યારે નજીકમાં રહેતા પરિવારજનો તરફથી તેમને શક્ય તેટલો સહયોગ મળી રહ્યો છે. કોરોના કાળ દરમિયાન બાલુભાઈની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહેશભાઈ ઓઝરવાળાની શાકભાજી માર્કેટ સ્થિત હોટેલ દ્વારા બે સમયના ભોજનની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. માનવતાભરેલી આ સેવા આજે પણ સતત ચાલુ હોવાનું જાણવા મળે છે, જેના કારણે બાલુભાઈને રોજિંદા ભોજનની ચિંતામાંથી રાહત મળી છે.

બાલુભાઈ રહેતા ફળિયામાં આજદિન સુધી રસ્તાની સુવિધા ઉપલબ્ધ નથી. ફળિયામાંથી બહાર નીકળવા માટે પગદંડીનો સહારો લેવો પડે છે અને ત્યારબાદ નેશનલ હાઈવે ક્રોસ કરીને ભોજન લેવા જવું પડે છે, જે તેમના માટે જીવના જોખમ સમાન છે. ચોમાસું નજીક આવતાં બાલુભાઈનું જર્જરિત મકાન વધુ જોખમી બન્યું હોવાથી ગામના સેવાભાવી મિત્રો અને યુવાનો દ્વારા નવા ઘરનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે આદિવાસી સમાજના બાલુભાઈ માટે ફળિયાના તમામ સમાજના યુવાનો અને ગ્રામજનો શ્રમદાન કરી રહ્યા છે. સમાજની એકતા અને માનવતાનો આ સંદેશ અનેક લોકો માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

ચીવલ નાકા ફળિયામાં આશરે છ જેટલા પરિવારો વસવાટ કરે છે, પરંતુ આજદિન સુધી રસ્તો, પીવાનું પાણી સહિતની મૂળભૂત સુવિધાઓનો અભાવ હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. જેના કારણે ગ્રામજનોમાં અસંતોષ પણ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે બાલુભાઈ જેવા અત્યંત જરૂરિયાતમંદ દિવ્યાંગ વ્યક્તિ સુધી સરકારી આવાસ અને કલ્યાણકારી યોજનાઓનો લાભ કેમ પહોંચ્યો નહીં, તે અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ગ્રામજનોના મતે આવી સ્થિતિ સમાજ માટે ચિંતાજનક અને તંત્ર માટે વિચારવા જેવી બાબત બની છે. હાલમાં સેવાભાવી લોકો આગળ આવી જવાબદારી નિભાવી રહ્યા છે, પરંતુ મૂળભૂત સુવિધાઓ અને સરકારી સહાયનો લાભ જરૂરિયાતમંદ સુધી પહોંચે તે સમયની માંગ બની છે.

# ફલાંડીમાં વિશાળ મેડિકલ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, ધરમપુર દ્વારા દાદરા અને નગર હવેલીના ફલાંડી ગામના ગણપતિ મંડપ ખાતે વિશાળ મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનું આયોજન દાદરા નગર હવેલી ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના સામાજિક કાર્યકર્તાઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ડૉ. ગૌતમ જી. વાઘમારે, ડૉ. અંકિતા જી. ચૌધરી, ડૉ. ખુશ્બૂ એમ. ચૌધરી સહિત તબીબોની ટીમ અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા ગ્રામજનોને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. કેમ્પ દરમિયાન આંખોની તપાસ, મફત ચશ્મા વિતરણ, લોહીની વિવિધ તપાસો, એનિમિયાનું નિદાન તથા સામાન્ય રોગોની તપાસ અને સારવાર જેવી સેવાઓ આપવામાં આવી હતી.

સ્થાનિક આદિવાસી સમુદાય સુધી કેમ્પની માહિતી પહોંચાડવા તેમજ દર્દીઓની સુવિધા માટે દાદરા નગર હવેલી ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના કાર્યકર્તાઓએ નોંધપાત્ર કામગીરી કરી હતી. સંગઠનના પ્રમુખ અશ્વિન એચ. પટેલના માર્ગદર્શન હેઠળ મહામંત્રી ઉત્તમભાઈ પટેલની આગેવાનીમાં સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આશરે ૧૭૨ લોકોએ લોહીની તપાસ કરાવી હતી, જ્યારે એટલાં જ લોકોએ આંખોની તપાસનો લાભ લીધો હતો. ઉપરાંત ૧૨૦થી વધુ લાભાર્થીઓને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મેડિકલ કેમ્પ દ્વારા ફલાંડી ગામના ગ્રામજનોને નજીકમાં ગુણવત્તાસભર આરોગ્યસેવા ઉપલબ્ધ થઈ હતી.

## આપાર ઇન્ડસ્ટ્રીઝ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# ખતલવાડમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઉમરગામ તાલુકાના ખતલવાડ ગામ ખાતે આપાર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રના આગેવાનો, અધિકારીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, આભાર ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ સેટ્ટી, બલવિંદર સિંહ, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, જીપીસીબી વિભાગના અધિકારી ભદ્રેશભાઈ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણના જતન અને હરિયાળી વધારવાના સંકલ્પને મજબૂત બનાવ્યો હતો.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર તેમજ અન્ય મંચસ્થ મહાનુભાવોએ પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષોના મહત્વ અને ભાવિ પેઢી માટે સ્વચ્છ તથા હરિયાળું પર્યાવરણ જાળવવાની જરૂરિયાત અંગે પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ પ્રત્યેની સામાજિક જવાબદારી નિભાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ હરિયાળા અને સ્વચ્છ પર્યાવરણ માટે સહભાગી બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# વલસાડ જિલ્લા બિલ્ડર એસો.એ નવનિયુકત કલેક્ટરની મુલાકાત લીધી



**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લાના નવનિયુક્ત જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિન સાંગવાનની વલસાડ જિલ્લા બિલ્ડર એસોસીએશનના પ્રતિનિધિમંડળે સૌજન્ય મુલાકાત લીધી હતી. કલેક્ટર કચેરીમાં યોજાયેલી આ બેઠકમાં એસોસીએશનના હોદ્દેદારો દ્વારા કલેક્ટરનું પુષ્પગુચ્છ આપીને ભાવભર્યું સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

એસોસિએશન પ્રમુખ અશોકભાઈ મંગે તેમજ તેમના હોદ્દેદારો સાથે કલેક્ટર વલસાડ જિલ્લામાં ચાલી રહેલી કન્સ્ટ્રક્શન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રની પ્રવૃત્તિઓ તેમજ જિલ્લાના આર્થિક અને આંતરમાળખાકીય વિકાસ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતાં. એસોસીએશનના હોદ્દેદારોએ વહીવટી તંત્રને ખાતરી આપી હતી કે, વલસાડ જિલ્લાના સુનિયોજિત અને ટકાઉ વિકાસ માટે તેમજ સરકારની તમામ લોકાભિમુખ યોજનાઓ અને નિયમોના સુચારુ અમલીકરણમાં બિલ્ડર એસોસીએશન વહીવટી તંત્ર સાથે હંમેશા સહયોગ આપવા કટિબદ્ધ રહેશે. કલેક્ટર નીતિન સાંગવાને પણ એસોસીએશનની આ મુલાકાતને આવકારી સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. આ શુભેચ્છા મુલાકાતમાં વલસાડ જિલ્લા બિલ્ડર એસોસીએશનના પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી સહિતના અગ્રણી ડેવલપર્સ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડની કે.કે. ગાંધી ઈંગ્લીશ મીડી.માં યોગ શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** જિલ્લા આયુર્વેદ શાખા, વલસાડ તથા K. K. Gandhi English Medium School, ગોરવાડાના સંયુક્ત ઉપક્રમે નોટિફાઈડ એરિયા ગાર્ડન, ગુંદલાવમાં એક દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઈન્ચાર્જ જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ધર્મિષ્ઠા પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત હોમિયોપેથી મેડિકલ ઓફિસર ડૉ. કામિનીબેન પટેલ, ડૉ. અમિતાબેન બિરારી, ડૉ. દિવ્યાબેન સોલંકી, ડૉ. ભાવનાબેન બારડ, ડૉ. સ્વાતિબેન પંચાલ, K. K. Gandhi English Medium Schoolના પ્રિન્સિપાલ હેમંતભાઈ પટેલ તથા યોગ ટ્રેનર શાંત દાસે કાર્યક્રમમાં હાજરી આપી હતી.

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ શિબિરનો મુખ્ય હેતુ યોગ દ્વારા સ્વસ્થ શરીર, શાંત મન અને સંતુલિત જીવનશૈલી અંગે જનજાગૃતિ લાવવાનો હતો. શિબિરમાં યોગાસન, પ્રાણાયામ તથા આરોગ્ય સંબંધિત માર્ગદર્શન ડૉ. ધર્મિષ્ઠાબેન દ્વારા આપવામાં આવ્યું હતું. યોગના નિયમિત અભ્યાસથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં થનારા લાભો અંગે પણ વિસ્તૃત માહિતી પ્રિન્સીપાલ. હેમંત ભાઈ પટેલ આપી હતી. યોગ ટ્રેનર શાંત દાસ દ્વારા યોગ પ્રોટોકોલ કરાવવામાં આવ્યો. શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા યોગપ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સૌને યોગને પોતાના દૈનિક જીવનનો ભાગ બનાવવા અપીલ કરવામાં આવી હતી.

# વલસાડ એમ.વી.પી. મંડળ દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ દ્વારા ૩૨મો શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ ૨૦૨૬-૨૦૨૭ પ્રતિ વર્ષની જેમ આપણી સંસ્થા દ્વારા શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમમાં કુલ ૧૬૦ વિદ્યાર્થીઓએ (વિના મુલ્યે ૭૯ અને રાહત દરે ૮૧) લાભ લીધો હતો. વિદ્યાર્થીઓને નીચે મુજબની સામગ્રીનું ગામે ગામ જઈ વિતરણ કરવામાં આવ્યુ હતું. જેમાં ફુલસ્કેપ ૧૫ ડઝન, ફુલસ્કેપ (A4 સાઈઝ) ૧૧૦ ડઝન , કંપાસ ૨૮ નંગ, ગણવેશ ૩૬ નંગ, સ્કૂલ સૂઝ ૨૦ જોડી, છત્રી, ૨૩ નંગ, સ્કૂલ બેગ ૩૭ નંગ, સ્વેટર ૧૭ નંગ, રાઈટિંગ પેડ ૨૬ નંગરેફરન્સ બુક (ગાઈડ) ૪૪ સેટ વિતરણ કરવામાં આવી હતી.

# ભિલાડમાં નિરંકારી ભક્તો દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** નિરંકારી સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજના દિવ્ય ઉપદેશોથી પ્રેરિત થઈને ભિલાડમાં ૧૬૬ નિરંકારી ભક્તોએ રક્તદાન કર્યું. નિરંકારી મિશનની સામાજિક શાખા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના નેજા હેઠળ ૭ જૂન, રવિવારના રોજ ભિલાડ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન પર આયોજન કરવામાં આવ્યું હતું આ શિબિરમાં જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તથા વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા ૧૬૬ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સંત નિરંકારી મિશન દ્વારા સુરત ઝોનમાં સતત રક્તદાન શિબિરોનું આયોજન કરીને શહેરમાં રક્તની અછતને દૂર કરવા સાર્થક પ્રયાસો કરી રહ્યું છે. આ રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન દક્ષિણ ગુજરાતના -ભારી શ્રી ઓન્કાર સિંહ જી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમને કહ્યું કે રક્તદાન એક મહત્વપૂર્ણ અને જીવનદાયી કાર્ય છે. જે ઘણા લોકોનાં જીવ બચાવવામાં મદદ કરે છે. સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન આવા શિબિરોનાં માધ્યમથી સમાજમાં સકારાત્મક પ્રભાવ પાડે છે અને લોકોને રક્તદાન જેવા મહત્વપૂર્ણ કાર્યમાં ભાગ લેવા માટે પ્રેરિત કરે છે.

આ અવસરે વાપી સેક્ટર સંયોજક, ઉમરગાંવ સેક્ટર સંયોજક, સોશ્યલ વેલ્ફેર કોઓર્ડિનેટર તથા અન્ય બ્રાંચોના મુખી પણ ઉપસ્થિત રહ્યા હતા. સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન ના સ્વયંસેવકો અને સેવાદળ ના ભાઈ બહેનો અને સેવાદળ અધિકારીઓના સહયોગ થી આ રક્તદાન શિબિરનુ સફળ આયોજન સંમ્પન થયું.

# દમણમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** દમણના જિલ્લા ચૂંટણી અધિકારી/ કલેક્ટરના માર્ગદર્શન હેઠળ, ચૂંટણી કાર્યાલયની SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) - SVEEP ટીમે નાઈટિંગેલ ફાઉન્ડેશન, દમણના સહયોગથી ૮ જૂન, ૨૦૨૬ના રોજ નાઈટિંગેલ ફાઉન્ડેશન કાર્યાલય ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ નાઈટિંગેલ ફાઉન્ડેશનના પ્રમુખ પ્રતિભાતાઈ એમ. સ્માર્ટ દ્વારા કરવામાં આવ્યું હતું અને કારોબારી સમિતિ સાથે સંકલનમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, SVEEP ટીમે નાગરિકોને માહિતી આપી હતી કે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ૪ જૂન, ૨૦૨૬ થી ૩ જુલાઈ, ૨૦૨૬ સુધી ઘરે ઘરે જઈને મતદાર ચકાસણી કરશે. નવા મતદાર નોંધણી, નામ અને સરનામામાં સુધારા, ટ્રાન્સફર અને EPIC-સંબંધિત જોગવાઈઓ અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચૂંટણી વિભાગે મતદારોને BLOની ચકાસણી પ્રક્રિયામાં સંપૂર્ણ સહકાર આપવા અને SIR-૨૦૦૨ મતદાર યાદીમાં તેમના નામ તપાસવા અપીલ કરી છે. જો કોઈ મતદારનું નામ યાદીમાંથી ખૂટે છે, તો તેમના માતાપિતા સંબંધિત જરૂરી દસ્તાવેજો તૈયાર કરો અને તેમને BLO અથવા ચૂંટણી કાર્યાલય, દમણમાં સબમિટ કરો. મતદારો https://voters.eci.gov.in અથવા https://www.ceoddd.in પર તેમના નામ ચકાસી શકે છે.

મતદારોને મદદ કરવા માટે, દર રવિવારે બૂથ ડે જાહેર કરવામાં આવ્યો છે, જે દરમિયાન BLOs તેમના સંબંધિત બૂથ પર સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ વાગ્યા સુધી અને બપોરે ૩:૦૦ થી ૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. વધુમાં, કલેક્ટર ઓફિસ, મોતી દમણ ખાતે એક હેલ્પ ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે અને ટોલ-ફ્રી નંબર ૧૯૫૦ અને ૧૮૦૦-૨૩૩-૦૫૩૦ પર સંપર્ક કરી શકાય છે. ચૂંટણી વિભાગે ખાતરી આપી છે કે કોઈપણ લાયક મતદારને બાકાત રાખવામાં આવશે નહીં. લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે દમણના તમામ નાગરિકો પાસેથી આ ખાસ, સઘન સમીક્ષા પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીની અપેક્ષા છે.

# પારડીના રામેશ્વર મહાદેવ મંદિર પરિસરથી સ્વચ્છતા અભિયાન શરુ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી તાલુકાના ઐતિહાસિક રામેશ્વર મહાદેવ મંદિર પવિત્ર ગંગાજી તીર્થધામના પરિસરમાં આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રમાં વિકાસશીલ ૧૨ વર્ષ પૂર્ણ થતા ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનની શરૂઆત ગામડાઓમાં કરવામાં આવી છે. પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈની પ્રેરિક ઉપસ્થિતિ વચ્ચે સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યો હતો અને સંપૂર્ણ પરિસર ની સફાઈ કરવામાં આવી હતી.

વહેલી સવારના રામેશ્વર મહાદેવ ના પવિત્ર મંદિરમાં પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, માજી પારડી તાલુકા ભાજપ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, હાલના તાલુકા ભાજપ પ્રમુખ પુનિતભાઈ પટેલ, તાલુકા મહિલા મંડળના પ્રમુખ ખુશ્બુબેન ટંડેલ, તાલુકા સરપંચ અને પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ, જિલ્લા કારોબારી પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ, અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ સાથે તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ, ઉપપ્રમુખ હિરેન પટેલ સાથે વિવિધ ગામના સરપંચો ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, હોદ્દેદારો, ગ્રામજનો ભેગા થયા હતાં. આ અભિયાન સમગ્ર પારડી તાલુકાના ગામડાઓમાં સતત ચાલશે અને સ્વચ્છતામાં જ પ્રભુતા છેના સૂત્રને સાર્થક કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવવામાં આવશે. આજે ગંગાજીમાં વહેલી સવારથી જ સ્વચ્છતા અભિયાન ચાલ્યો હતો.

અને નાણામંત્રી સહિત વિશાળ સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ અને ગ્રામજનો જોડાયા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલુકા ભાજપ મંત્રી ધવલભાઈ દેસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા તમામ ભાજપના કાર્યકર્તાઓએ સખત મહેનત કરી હતી.

## બિલ્ડરે મંજૂર પ્લાન વિરુદ્ધ બાંધકામ કરાયું

# ભાગડાવડામાં ગ્રાહકો સાથે છેતરપિંડીની ફરિયાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડના ભાગડાવડા ગ્રામ પંચાયતની હદ વિસ્તારમાં ચાલી રહેલા એક બિલ્ડિંગ પ્રોજેક્ટમાં બિલ્ડર, ડેવલોપર અને આર્કિટેક્ટ દ્વારા મંજૂર નકશા વિરુદ્ધ જઈને ભારે ગેરરીતિ આચરવામાં આવી રહી હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. આ અંગે વલસાડના સ્થાનિક એડવોકેટ અકીબ એમ. મલેક દ્વારા વલસાડની નગર નિયોજન (ટાઉન પ્લાનિંગ) કચેરી અને તાલુકા પંચાયત સમક્ષ એક જાહેર હિતની લેખિત ફરિયાદ નોંધાવી કાયદેસરના પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર વલસાડ ના ભાગડાવડા ગામની હદમાં બાગે આઈશા નામની બિલ્ડિંગનું હાલમાં બાંધકામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટને નગર નિયોજન કચેરી વલસાડ શાખા દ્વારા તારીખ ૩૦/૦૮/૨૦૨૫ના રોજ પત્ર ક્રમાંક બીપી/ભાગડાવડા/વલસાડ/૩૮૮૫થી પ્લાન મંજૂર કરવામાં આવ્યો હતો. સરકારી નિયમો અને મંજૂર થયેલા પ્લાન મુજબ, બિલ્ડિંગની બહારની સપાટી (આઉટર સરફેસ) પર આવતી તમામ ઈંટોની દીવાલો આશરે ૯ ઈંચની પહોળાઈ ની બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ બિલ્ડર અને ડેવલોપર દ્વારા પોતાના ખિસ્સા ગરમ કરવા અને વધુ નફો મેળવવાની લાલસામાં, મંજૂર પ્લાનથી તદ્દન વિપરીત જઈને માત્રને માત્ર ૪ ઈંચની સિંગલ ઈંટની નબળી દીવાલોનું બાંધકામ કરી નાખવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટના ભાગીદારો ૐ સાઈ રેસીડેન્સી નામની પેઢીના સુભાષ મોહનભાઈ ડંઢાણીયા અને જાવેદ સલિમ શેખ હોવાનું સામે આવ્યું છે. બિલ્ડરે પોતાના છાપેલા બ્રોશરના પહેલા જ પોઈન્ટમાં ગ્રાહકોને લોભાવવા માટે મોટી-મોટી વાતો કરી હતી કે આ બિલ્ડિંગ સંપૂર્ણપણે ભૂકંપ પ્રૂફ ક્ષમતા ધરાવતું આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર છે. જો બિલ્ડિંગ ભૂકંપ પ્રૂફ બનાવવાનો દાવો કરાયો હોય, તો સમગ્ર બિલ્ડિંગની બહારની મુખ્ય દીવાલો માત્ર ૪ ઈંચની સિંગલ ઈંટની કેમ બનાવવામાં આવી આ પ્રકારનું જોખમી બાંધકામ ફ્લેટ તેમજ દુકાન ખરીદનારા નિર્દોષ ગ્રાહકોના જીવ સાથે ખુલ્લેઆમ રમત રમાઈ રહી હોવાનું અને તેમની સાથે મોટી છેતરપિંડી થઈ રહી હોવાનું સ્પષ્ટપણે દેખાઈ આવે છે. અરજદાર એડવોકેટે વહીવટી તંત્ર સમક્ષ કડક માંગણી કરી છે કે આ સમગ્ર બાંધકામની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, બિલ્ડિંગનો સત્તાવાર સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ મંગાવવામાં આવે, જે આર્કિટેક્ટની દેખરેખ હેઠળ આ બાંધકામ થઈ રહ્યું છે, તેમની ભૂમિકાની પણ તપાસ થાય. જો આ કૌભાંડમાં આર્કિટેક્ટની સંડોવણી બહાર આવે અને તેની સામે પણ કાયદેસરના પગલાં ભરવામાં આવે એવી રજૂઆત કરી છે.

# કપરાડા પોલીસની વાહનચાલકો સામે કડક કાર્યવાહી : બે દિવસમાં ૨૨ બાઇકો જપ્ત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા. ૧૦ :** વલસાડ જિલ્લામાં વધતા માર્ગ અકસ્માતોને ધ્યાનમાં રાખીને કપરાડા પોલીસ દ્વારા હાઈસ્પીડ વાહનચાલકો સામે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી તાલુકાના અનેક યુવાનો અકસ્માતનો ભોગ બન્યા છે, જેમાં કેટલાકના મોત પણ નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. હાઈસ્પીડમાં વાહન ચલાવવું, ટ્રાફિક નિયમોની અવગણના કરવી તેમજ કેટલાક કિસ્સાઓમાં નશાની હાલતમાં વાહન ચલાવવું અકસ્માતોના મુખ્ય કારણો બની રહ્યા છે.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કપરાડા પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી. એન. વાંઝા અને સમગ્ર પોલીસ સ્ટાફ દ્વારા કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ખાસ ચેકિંગ ડ્રાઈવ દરમિયાન માત્ર બે દિવસમાં જ ૨૨ જેટલી હાઈસ્પીડ મોટરસાઈકલ વિવિધ કલમો હેઠળ જપ્ત કરવામાં આવી છે. જપ્ત કરાયેલા તમામ વાહનો કપરાડા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યા છે અને સંબંધિત વાહનચાલકો સામે મોટર વ્હીકલ એક્ટ મુજબ કાર્યવાહી સાથે આરટીઓ દંડની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

સ્થાનિક નાગરિકો અને જાગૃત વર્ગે પોલીસની આ કામગીરીને સરાહનીય ગણાવી છે. તેમનું માનવું છે કે આવી કડક કાર્યવાહીથી યુવાનોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ આવશે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થશે. કપરાડા પોલીસે વાહનચાલકોને અપીલ કરી છે કે તેઓ ગતિ મર્યાદાનું પાલન કરે, હેલ્મેટનો ઉપયોગ કરે, નશાની હાલતમાં વાહન ન ચલાવે અને પોતાના તેમજ અન્ય લોકોના જીવનની સુરક્ષાને પ્રાથમિકતા આપે.

# ધરમપુર સરકારી હોમિયોપેથીક દવાખાના દ્વારા વલસાડ સ્થાપના દિવસની ઉજવણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૦ :** રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામક આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તા. ૧ જૂનના રોજ વલસાડ જિલ્લાની સ્થાપનાને ૬૨ વર્ષ પૂર્ણ થતા હોય તે નિમિત્તે તેમજ તા. ૨૧મી જૂનના રોજ ૧૨માં વિશ્વ યોગ દિવસના પ્રચાર પ્રસાર અર્થે ધરમપુરના વિમળેશ્વર મહાદેવ મંદિર ખાતે રાધા મહિલા મંડળના પ્રમુખ હેમાબેન મેરાઇ તથા ઉપપ્રમુખ દક્ષાબેન કાપડિયાની ઉપસ્થિતિમાં યોગ એટલે શું, યોગ કેમ કરવા, તેની મહત્તા અને તા. ૨૧ મી જૂને જ કેમ વિશ્વ યોગ દિવસ ઉજવવામાં આવે છે તે સંબંધિત વિસ્તૃત પરીસંવાદ હોમિયોપેથીક મેડિકલ ઓફિસર, ધરમપુર દ્વારા કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાના તિસ્કરી તલાટના યોગ પ્રશિક્ષક શિવમ ગુપ્તાએ યોગ પ્રોટોકોલ અંતર્ગત યોગના લાભાલાભ વિશે તન, મન અને સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે અને વિશ્વ શાંતિ માટે સૌને સાથે લઈને આસન પર બેસી યોગ પ્રાણાયામ અપનાવી તંદુરસ્ત સમાજની રચના કરવા બાબત વ્યાખ્યાન આપ્યું હતું. યોગ શિબિર અંતર્ગત પેમ્ફલેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સેવક તરીકે ભાવેશ ભૂસારાએ સેવા આપી હતી.

# વિશેષ વાંચન

## ચર્ચાનો ચોતરો

નોંધ: દમણગંગા ટાઈમ્સમાં દર ગુરુવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક

## અંધકાર પછીનો ઉજાસ



જયારે બધા રસ્તા બંધ થાય ત્યારે જ નવો માર્ગ ખૂલે છે. જીવનની સફર ક્યારેય એકસરખી સીધી રેખામાં ચાલતી નથી. એમાં સુખના ઊંચા શિખરો પણ છે અને દુઃખની ઊંડી ખીણો પણ છે. ઘણીવાર આપણી જિંદગીમાં એવો વળાંક આવી જાય છે જ્યાં આપણને ચારેય તરફ માત્ર અંધકાર જ દેખાય છે. આપણે જે પણ દિશામાં નજર કરીએ, ત્યાં આશાનું કોઈ કિરણ દેખાતું નથી અને એવું લાગે છે કે આપણે એક એવા બંધ ગલીના છેડે આવીને ઊભા રહી ગયા છીએ જ્યાંથી આગળ વધવાનો કોઈ રસ્તો જ બચ્યો નથી. કરિયરમાં નિષ્ફળતા, સંબંધોમાં તિરાડ, આર્થિક સંકટ કે કોઈ મોટી આશાનું તૂટી જવું આ બધું માણસને અંદરથી હચમચાવી મૂકે છે. આ એવો સમય હોય છે જ્યારે વ્યક્તિ હિંમત હારી જાય છે અને તેને લાગે છે કે હવે બધું જ પૂર્ણ થઈ ગયું છે, પરંતુ વાસ્તવમાં આ કોઈ અંત નથી હોતો, પણ એક તદ્દન નવી શરૂઆતની પૂર્વભૂમિકા હોય છે.

કહેવાય છે કે જ્યાં માણસની ગણતરી અને બુદ્ધિનો અંત આવે છે, બરાબર ત્યાંથી જ ઈશ્વરની અદ્ભુત યોજના શરૂ થાય છે. જ્યારે આપણી સામેના બધા જ નાના-મોટા દરવાજા એક પછી એક બંધ થઈ જાય, ત્યારે સમજવું કે કુદરત આપણને કોઈ ખોટા રસ્તે જતાં રોકી રહી છે. આપણે ઘણીવાર જે વસ્તુ કે રસ્તાને આપણા માટે શ્રેષ્ઠ માનતા હોઈએ છીએ, તે કદાચ ભવિષ્યમાં આપણા વિનાશનું કારણ પણ હોઈ શકે છે.

એટલા માટે જ, જ્યારે આપણી ઈચ્છા મુજબનું કંઈ નથી થતું, ત્યારે એ ભગવાનની ઈચ્છા મુજબ થઈ રહ્યું હોય છે. જ્યારે બધી જ બારીઓ બંધ થઈ જાય છે, ત્યારે ઈશ્વર આપણા માટે એક મોટો મુખ્ય દરવાજો ખોલવા તત્પર બન્યા હોય છે, જે આપણને આપણી સાચી ક્ષમતા અને મંઝિલ તરફ દોરી જાય છે.

જ્યારે જીવનમાં બધું જ વીખરાઈ જતું લાગે અને શૂન્યતા વ્યાપી જાય, ત્યારે જ માણસની અંદર એક નવી શક્તિનો જન્મ થાય છે. જ્યાં સુધી જૂનું સર્જન નષ્ટ ન થાય, ત્યાં સુધી નવું અને ભવ્ય સર્જન શક્ય બનતું નથી. રાત ગમે તેટલી કાળી અને લાંબી કેમ ન હોય, તે ક્યારેય સૂરજને ઉગતો રોકી શકતી નથી. બરાબર એ જ રીતે, આપણી મુશ્કેલીઓ પણ કાયમી હોતી નથી. જ્યારે માણસ પોતાના તમામ પ્રયત્નો કરીને થાકી જાય છે અને બધું જ એ પરમ પિતા પરમેશ્વરના ચરણોમાં છોડી દે છે, ત્યારે જ જીવનમાં ચમત્કારો ઓચિંતા શરૂ થાય છે. કોઈ અજાણી વ્યક્તિ મદદ માટે આવી જાય, કોઈ નવો વિચાર આખી જિંદગી બદલી નાખે અથવા તો અચાનક જ કોઈ નવો માર્ગ ખુલી જાય છે, જેની આપણે ક્યારેય કલ્પના પણ ન કરી હોય. આ ઓચિંતો વળાંક એ જ ભગવાને ખોલેલો મુખ્ય દરવાજો છે.

તેથી, જો આજે તમને પણ એવું લાગી રહ્યું હોય કે તમારા જીવનના તમામ રસ્તાઓ બંધ થઈ ગયા છે અને હવે આગળ વધવાનો કોઈ ઉપાય નથી, તો સહેજ પણ નિરાશ થવાની જરૂર નથી. એક ઊંડો શ્વાસ લો, તમારી જાત પર અને ઈશ્વરની ન્યાયપ્રણાલી પર અતૂટ ભરોસો રાખો.

મુશ્કેલીઓ આપણને તોડવા માટે નહીં, પણ આપણી ભીતર છુપાયેલા આત્મવિશ્વાસને જગાડવા માટે આવતી હોય છે. આ સમય ધીરજ રાખવાનો અને શ્રદ્ધા ડગવા ન દેવાનો છે. તમારા જીવનનો એક સામાન્ય અધ્યાય ભલે પૂરો થઈ રહ્યો હોય, પણ ઈશ્વર તમારા જીવનનો સૌથી સુંદર, સફળ અને ભવ્ય નવો અધ્યાય લખવા માટે સંપૂર્ણ તૈયાર છે, બસ જરૂર છે તો માત્ર હકારાત્મક રહીને આગળ વધવાની.

**- કિંજલ પંડયા, પારડી**

## પ્રેમથી જીવન જોડાય



સમયની પીડા અને વિધિના વિધાન ક્યારેય પાછળ જતા નથી. કર્મના લેખા-જોખા કોઈને છોડતા નથી. જીવન એટલું નાનું અને અનિશ્ચિત છે કે કઈ ઘડીએ કયા સંજોગોનો સામનો કરવો પડે, તે કોઈ જાણી શકતું નથી.

હૃદયની પીડાનો કોઈ અંત નથી. જે વ્યક્તિ દુઃખમાંથી પસાર થઈ રહી હોય, તેની વેદના તેને સિવાય બીજું કોઈ સંપૂર્ણ રીતે સમજી શકતું નથી. જીવનમાં સૌથી મોટું દુઃખ ક્યારે આવી પડે, તેનો કોઈ અંદાજ નથી હોતો. તેથી જીવનને તેની સુંદરતા અને અનમોલતા સાથે જીવવું જોઈએ. મનમોટાવ, અહંકાર અને સ્વાર્થનો - ભાવ પોતાના ઉપર એટલો પણ ન થવા દો કે તમારા સંબંધોની મધુરતા જ ખોવાઈ જાય. યાદ રાખો, આપણે જે કર્મ કરીએ છીએ, તેના ફળ કોઈને કોઈ સ્વરૂપે ફરી આપણી પાસે પાછા આવે છે. શ્રીકૃષ્ણે કર્મના સિદ્ધાંતને ખૂબ સ્પષ્ટ રીતે સમજાવ્યો છે. આપણી વાણી અને વર્તન ક્યારેક તીક્ષ્ણ તીરની જેમ કોઈના હૃદયને ઘાયલ કરી શકે છે. શબ્દોથી પડેલા ઘા ઘણી વખત જીવનભર ભરાતા નથી. જ્યારે કોઈ વ્યક્તિ આપણી વાણી કે વર્તનથી અંદરથી દુઃખી થાય છે અને તેની આત્મામાંથી વેદના નીકળે છે, ત્યારે તેના પ્રત્યાઘાતો પણ ઊંડા હોય છે. આપણે કોઈને દુઃખ પહોંચાડીએ, અપમાન કરીએ અથવા તેની લાગણીઓને ઠેસ પહોંચાડીએ, ત્યારે તેના પરિણામો ક્યારે અને કયા સ્વરૂપે આપણી સામે આવશે, તે માત્ર ઈશ્વર જ જાણે છે. પરંતુ કર્મનું ફળ મળ્યા વગર રહેતું નથી. જ્યારે સહસ્રબાહુ રાજા, રાવણ અને અન્ય મહાન શક્તિશાળી લોકોનું પણ કંઈ ચાલ્યું નહીં, ત્યારે આપણે કોણ છીએ તેથી પરિવાર અને મિત્રોના સંબંધોમાં સહજતા, વિનમ્રતા અને પ્રેમ જાળવવો જરૂરી છે. પતિ-પત્નીનો સંબંધ પ્રેમ, વિશ્વાસ, લાગણી અને સમર્પણનો સંબંધ છે. ભાઈ-બહેન, માતા-પિતા, સંતાનો કે જીવનમાં જોડાયેલા અન્ય દરેક વ્યક્તિ સાથે પણ એવો વ્યવહાર રાખવો જોઈએ કે તેમના ગયા પછી પસ્તાવાનો વારો ન આવે. કારણ કે સમય પાછો ફરતો નથી અને જનાર વ્યક્તિ પાછી આવતી નથી.પછી માત્ર આંસુઓ અને પસ્તાવો જ બાકી રહે છે. તેથી સંબંધોને જીવતા જ સાચવવા જોઈએ. જીવનમાં એવી સ્થિતિ ન આવવી જોઈએ કે જ્યારે જરૂર પડે ત્યારે આપણી સાથે ઊભા રહેવા માટે એક પણ વ્યક્તિ ન હોય.

મને કોઈની જરૂર નથી – આ વાક્ય અહંકારનું પ્રતિક છે. વાસ્તવમાં માણસને જીવનના દરેક પડાવે કોઈને કોઈનો સહારો જરૂરી પડે છે. માનવી સામાજિક પ્રાણી છે; પ્રેમ, લાગણી અને સહકાર વિના જીવન અધૂરું છે.

અહંકાર માણસને ધીમે ધીમે એકલો બનાવી દે છે. તે સંબંધો વચ્ચે દિવાલો ઊભી કરે છે અને અંતે વ્યક્તિને અંધકાર તરફ લઈ જાય છે. તેથી જો કોઈ વ્યક્તિના વર્તનથી આખો પરિવાર તૂટી રહ્યો હોય, સંબંધોમાં કડવાશ વધી રહી હોય, તો એક ક્ષણ માટે રોકાઈને વિચારવું જોઈએ કે કદાચ ક્યાંક આપણે પણ ખોટા હોઈ શકીએ. પોતાની ભૂલો સ્વીકારવામાં નાનપણ નથી; એ જ સાચી મહાનતા છે. અહંકારનો ત્યાગ કરો, માફી માંગવાની જરૂર હોય તો નિઃસંકોચ માફી માંગો, અને જે સંબંધો હજુ પણ બચી શકે છે, તેમને સાચવી લો.

જીવન ખૂબ સુંદર અને અનમોલ છે. તેને પ્રેમ, કરુણા, વિનમ્રતા અને સંબંધોની ઉષ્મા સાથે જીવો. અંતે માણસ પાસે યાદો, સંબંધો અને કરેલા સારા કર્મો જ બાકી રહે છે. તેથી એવું જીવન જીવો કે જ્યારે પાછળ વળીને જુઓ ત્યારે પસ્તાવો નહીં, પરંતુ સંતોષ અનુભવાય. યાદ રાખો અહંકાર સંબંધોને તોડે છે, જ્યારે પ્રેમ અને વિનમ્રતા જીવનને જોડે છે.

**- જયોતિ ઉત્પલ પંડયા, અતુલ**

## જિંદગી સ્પર્ધા નહીં એક સુંદર સફર

આજે આપણે સૌ એકબીજાની સાથે સ્પર્ધામાં ઉતરી પડયા છીએ. સૌએ એકબીજાથી આગળ નિકળી જવુ છે. અને આગળ નીકળવા માટે અને બીજાને પાછળ રાખવા માટે જે કંઈ હાથકંડા અપનાવવા પે એ માટે માણસ આજે તૈયાર છે. કોઈપણ ગોત્ર હોય જયા જુઓ ત્યા સ્પર્ધા.... સ્પર્ધા અને સ્પર્ધા. અને આ આંધળી દોટમાં આપણે એ ભુલી ગયા છીએ કે જિંદગી - સ્પર્ધા - નથી એ તો એક સુંદર સફર છે યાત્રા સંતોષ હોય ત્યા ધુ જ હોય છે. પરંતુ આપણને એ સમજાતું નથી. અરે ભાઈ નસીબમાં હશે તે તો પુરુષાર્થ કરીને મળશે જ પુરુષાર્થ કરીને જ પ્રાપ્ત થાય. એના જેવો તો કોઈ આનંદ નથી. શ્રી કૃષ્ણ પણ કહયું છે 'યોગ કર્મસુ કૌશલમ્ ... મહેનત તો કરવી જ પડશે અને જેને પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે એણે મહેનત કરી છે. સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય. માત્રને માત્ર કિસ્મત કે નસીબ પર બેસી રહેવાતું નથી. પુરુષાર્થ અને નસીબ આ બંનેનો મિલાપ થાય ત્યારે સફળ થવાઈ છે. તેથી જે મળ્યુ તેમાં આનંદિત જીવન જીવવું જોઈએ. નહીં કે કોઈને સાથે હરીફાઈ કરીને તેથી ફરી એકવાર જિંદગી એ કોઈ સ્પર્ધા નથી એ તો એક સફર છે. સફરમાં આનંદ શોધતા શોધતા જીવન જીવવું જોઈએ..

**-શૈલેષ ઝરીવાલા, ઉદવાડા**

## હવે થાળીમાં સંભળાય છે મોંઘવારીના ભડાકા !!



મોંઘવારી, બેકારી ગરીબી અને ભ્ષ્ટાચારી એ દેશની કાયમી સમસ્યા છે હવે દેશભરમાં મોંઘવારી માઝા મૂકી રહી છે. મોંઘવારી આગળ વધીને હવે આપણા રસોડા સુધી પહોંચી ગઈ છે. પેટ્રોલ ડીઝલનો ભાવ દિનપ્રતિદિન વધતો જાય છે. છેલ્લા કેટલાક મહિનાથી ખાધપદાર્થ અને જીવન જરૂરિયાતની ચીજોમા ધરખમ વધારો થઇ રહ્યો છે. સતત વધતી જતી મોંઘવારી તો દાટ વાળ્યો છે. દેશમાં ચા, ખાંડ, અનાજ, તેલ, ઘી, કઠોળ અને મરી - મસાલા જેવી અનેક જીવન જરૂરિયાતની વસ્તુઓનો ભાવ રોજબરોજ આસમાને ચડતા જાય છે. પેટ્રોલ ડીઝલ પછી ખાદ્યતેલની કિંમતમાં પણ ભડકો સાથે મોટો ઉછાળો આવ્યો છે.

ઘડીક કાંદા ગાંડો થઇ ઉછળે છે અને તેલની રામાયણમા ભલભલી સરકાર લપસી પડે છે. થોડા મહિના પહેલા ખાદ્ય ચીજો સસ્તી રહ્યા પછી ખાદ્ય પદાર્થ અને જીવન જરૂરી આવશ્યક વસ્તુઓના ભાવ આસમાનને આંબી રહ્યા છે ખરેખર આ ભાવ વધારા તો સામાન્ય માનવીની કમર તોડી નાંખી છે. મજૂરી કરતો શ્રમજીવી આવા કપરા સંજોગોમાં કેમ જીવી શકે...? હાલે ઉભો થયેલો સૌથી મોટો પડકાર મોંઘવારી છે. સામાન્ય માણસથી સરકાર સુધી મોંઘવારી ચિંતાનો વિષય છે. આ મોંઘવારી સામાન્ય માણસની કમર તોડતું વૈશ્વિક વિષચક્ર છે.અત્યારે કાળજાળ ગરમીની સાથે કાળજાળ મોંઘવારી મોં કાઢીને ઉભી છે. પરિણામે મોંઘવારી તમામ ક્ષેત્રો ચીજ વસ્તુઓમાં પ્રવેશ કરી દીધો છે. આ મોંઘવારીની ગતિ હજુ અટકે તેમ નથી મોંઘવારી આગળ વધીને હવે આપણા રસોડા સુધી પહોંચી ગઈ છે.

પેટ્રોલ ડીઝલના ભાવમાં સતત વધારો થવા સાથે ખાદ્યતેલનો ભાવમાં ઉંછાળો આવતા તેલ ભરવાની સીઝન શરુ થવાની સાથે લોકોનું બજેટ ખોળવી નાખ્યા છે. દેશભરમા મોંઘવારી માઝા મૂકી છે ફળો, શાકભાજી, કઠોળ અને જીવન જરૂરિયાતની તમામ વસ્તુના ભાવ ચઢ - ઉતાર સાથે ગૃહિણીઓનું પણ બજેટ ખોળવાય ગયું છે. મધ્યવર્ગીય પરિવારની થાળીનું કદ સંકોચાઈ રહ્યું છે અને થાળીમાંની વાનગીઓની સંખ્યા ક્રમશે ઘટી રહી છે.

ભાવ વધારાનો મુદ્દો ગંભીરતાથી લેવો જોઈએ. જેનાથી પ્રજાનું હીત સાચવી શકાય. અન્યથા તેમનો સામનો મુશ્કેલ બનશે. સતત ભાવ વધવાથી પ્રજા માટે ગંભીર મુશ્કેલી સર્જાય રહી છે ફુગાવાના આંકડાની માયાજાળ જોઈ કોઈ નાગરિક ખુશ નથી થતા તેને બજારમાં જઈ જે ભાવ હોય તે આપવો પડે છે.

મધ્યવર્ગને પણ જીવન ચલાવવું કપરું બની રહ્યું છે તો ગરીબ શ્રમજીવીની સ્થિતિ કેવી હશે...? મોંઘવારીના ભરડામાં ધસડી જનારાઓ જો રોક ન લગાવે તો આપણે મોંઘવારીના વાવાઝોડામાં ધસડાઈ જાશું.

**- ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી**

## સાધના



આપણું આ પંચમહાભુતોથી બનેલું શરી, મન, ધન, વૈભવ એ બધુ જ ભૌતિક છે. છતાં આપણા આંતરિક વિકાસ માટે તે જરુરી અને ઉપયોગી પણ છે. સાધનોથી આપણા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સુગમતા રહે છે. જયા સુધી તેમનો ઉપયોગ પણ છે. સાધનોથી આપણા લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સુગમતા રહે છે. જયા સુધી તેમનો ઉપયોગ કરતાં વ્યકિત સુખ સગવડો વધારવામાં જ કરતા રહીશું ત્યા સુધી તે કોઈ ઉચ્ચ ઉદ્દેશ્યને સિદ્ધ કરવામમાં ઉપયોગી બનતી નથી. આત્મિક વિકાસ માટે સંયમ, શિસ્ત, સેવા મનપર નિયંત્રણ, પરિશ્રમ વગેરે સદગુણોની જરુર હોય છે. કોઈપણ મનુષ્ય જયા સુધી જીવનની સાચી દિશા નક્કી કરતો નથી ત્યા સુધી તે સાધના કરી શકતો નથી. સાધના માટે સૌ પ્રથમ આપણા જીવનને પવિત્ર સરળ અને સંયમિત બનાવવું જરુરી છે. એના વગર સાધના કરવાથી કોઈ લાભ થતો નથી. આધ્યાત્મિક જીવનનું પ્રથમ ચરણ છે સદવિચારોને આપણા આચરણમાં ઉતારવા મનને નિયંત્રિત કરીને સમયનો સદુપયોગ કરવો એ સાધનાનું પહેલું ચરણ છે. જે મનુષ્ય જીવનમાં વિવેક,સંયમ, ત્યાગ અને સેવાના સિદ્ધાંતો પર ચાલે છે. એ જ જીવનમાં આગળ વધીને યોગ, તપ ધ્યાન અને બ્રહ્મવિદ્યાના માર્ગે આગળ વધે છે. સાધના કોઈ ચમત્કાર નથી એ તો જીવનની એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે. રોજેરોજના કામકાજમાં પણ સાધક ઈમાનદારી, શ્રદ્ધા સેવા અને કર્તવ્યનિષ્યાથી પૂજા પાઠ, વ્રશત, ઉપવાસ મંત્રજપ ધ્યાન વગેરે સાધનાના બાહ્યરૂપો છે જયારે આપણા જીવનને અંદરથી બદલીએ અને પવિત્ર બનાવીએ તો જ સાધનામાં પ્રગતિ થાય છે. અને સફળતા મળે છે. મનુષ્ય પોતાના સ્વભાવને નિયંત્રિત કરવો પડે છે. પોતાની ઈચ્છાઓને સમિત કરવી પડે છે. અને પોતાના ઈચ્છિત કર્તવ્ય અને લક્ષ્યને તરફ આગળ વધતા રહેવું પડે છે ત્યારે જ સાધનામાં સફળતા મળે છે મનુષ્યે આ બધી બાબબતોનું ધ્યાન અવશ્ય રાખવુ પડે છે.

માણસ માત્ર મંત્રજપના અનુષ્યાનો કરતો રહે છે અને પોતાના જીવનને સુધારવાનો પ્રયાસ કરતો નથી તેને કદાપિ સાધનામાં સફળતા મળતી નથી. આથી મનુષ્યે સૌથી પહેલા પોતાના જીવનને પવિત્ર અને સંયમિત બનાવવાનુ ધ્યાન રાખવું પડે છ. દિનચર્યા નિયમિત રાખવી પડે છે. આહાર, સાદો, સાત્વિક અને ઈમાનદારીથી કમાયેલો હોવો જોઈએ. પોતાના કર્તવ્યોનું હંમેશા પાલન કરવુ જોઈએ. સાચી સાધનાથી શરુઆત અહીંથી જ થાય છે.

**- હર્ષદ દેસાઈ, વટાર**

## નદીઓનો આર્તનાદ



બ્રહ્માંડના અફાટ અંધકારમાં જ્યારે પણ કોઈ વૈજ્ઞાનિક નવા ગ્રહ પર જીવનની આશા શોધે છે, ત્યારે તેની નજર સૌથી પહેલા પાણીના એકાદ ટીપાંને શોધવા મથે છે. પાણી એ માત્ર આપણી તરસ છિપાવવાનું સાધન નથી, એ તો આ પૃથ્વીના ધબકારાનો પહેલો સૂર છે. આપણે જેને નીલો ગ્રહ કહીને હરખાઈએ છીએ, તેની સપાટી પર દેખાતો એ વાદળી રંગ વાસ્તવમાં એક છેતરામણું સત્ય છે. સિત્તેર ટકાથી વધુ પાણી હોવા છતાં, આપણી તરસ છિપાવી શકે તેવું મીઠું પાણી તો માત્ર એકાદ ટકો જ છે, જે નદીઓ, તળાવો અને ધરતીના પેટાળમાં છુપાયેલું છે. બાકીનું બધું જ પાણી કાં તો સમુદ્રનું ખારું ઝેર છે અથવા તો હિમાલય જેવા પર્વતો પર બરફ બનીને થીજી ગયું છે. માણસજાતનો આખો ઈતિહાસ નદીઓના કિનારે જ પાંગર્યો છે, છતાં આજે આપણે એ જ નદીઓને ગંદા નાળામાં ફેરવીને આપણા પોતાના અસ્તિત્વની કબર ખોદી રહ્યા છીએ.

આજે દુનિયાના કેટલાય મોટા શહેરો ડે-ઝીરો એટલે કે નળમાં પાણીનું છેલ્લું ટીપું પણ સુકાઈ જવાની કટોકટી તરફ આગળ વધી રહ્યા છે, અને આ કોઈ કુદરતી આફત નથી પણ આપણી પોતાની બેદરકારીનું પરિણામ છે. સિમેન્ટ અને કોંક્રિટના જંગલોએ ધરતીની ચામડીને એવી સખત બનાવી દીધી છે કે વરસાદનું પાણી જમીનમાં ઉતરી જ નથી શકતું, જેને કારણે ભૂગર્ભ જળના સ્તર પાતાળથી પણ નીચે સરકી રહ્યા છે. કારખાનાઓનું કેમિકલવાળું ઝેર નદીઓમાં ઠલવાય છે અને ખેતરોમાં વધુ પાકની લાલચે આડેધડ બોરવેલ બનાવીને આપણે ધરતીને અંદરથી ખોખલી કરી નાખી છે. ગ્લોબલ વૉર્મિંગના કારણે ચોમાસું પણ પોતાનો રસ્તો ભૂલી ગયું હોય તેમ ક્યાંક અતિવૃષ્ટિનું પૂર લાવે છે તો ક્યાંક ધરતીના ફાટી જવાની હદે દુષ્કાળ પડે છે. જો આપણે હજુ પણ આપણી આંખો બંધ રાખીશું, તો ભવિષ્યનું ત્રીજું વિશ્વયુદ્ધ તેલ કે જમીન માટે નહીં, પણ માત્ર એક ઘૂંટડો પીવાના પાણી માટે લડાશે એ નક્કી છે.

આ વિનાશમાંથી બચવું હોય તો આપણે પાણીને વાપરવાની આપણી માનસિકતા બદલવી પડશે. વરસાદના પાણીને વહી જવા દેવાને બદલે રેઈન વોટર હાર્વેસ્ટિંગ દ્વારા ઘરોના ધાબા પરથી જ સીધું જમીનમાં ઉતારવું પડશે, જેથી ધરતી માતાની સુકાયેલી નસો ફરીથી જીવતી થઈ શકે. આપણા રોજિંદા જીવનમાં પણ નાની-નાની આદતો, જેમ કે બ્રશ કરતી વખતે નળ બંધ રાખવો, શાવરના બદલે ડોલથી નહાવું કે રસોડામાં શાકભાજી ધોયેલું પાણી છોડવાઓને પાવા જેવી બાબતો બહુ મોટો તફાવત લાવી શકે છે. ખેતરોમાં પણ પૂરના પાણીની જેમ ક્યારા ભરવાના બદલે ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવી પડશે જે પાણીનો બગાડ અડધોઅડધ ઘટાડી દે છે. પાણી એ ફેક્ટરીમાં બની શકતી વસ્તુ નથી, એ -કૃતિની મર્યાદિત મૂડી છે. જો આજે આપણે આપણી સજગતાથી પાણીની આ એક-એક બૂંદને નહીં બચાવીએ, તો આવનારી પેઢીને વારસામાં માત્ર સુકાઈ ગયેલી નદીઓ અને રણ-દેશ જ મળશે, કારણ કે જળ હશે તો જ આપણું આવતીકાલ હશે.

**- અંજલિ પ્રજાપતિ, પારડી**

## હિલાઓની સુરક્ષા



કોઈપણ દેશમાં લગભગ ૫૦ ટકા વસ્તી મહિલાઓની હોય છે. જો મહિલાઓ સુરક્ષિત હશે તો પરિવાર , સમાજ અને રાષ્ટ્ર કે વિશ્વ પણ સુરક્ષિત બનશે. મહિલાઓની સુરક્ષા એ ફક્ત સરકારની જવાબદારી નથી પરંતુ દરેક નાગરિકની પણ નૈતિક ફરજ બને છે. ૨૧ મી સદીમાં મહિલાઓ લગભગ દરેક ક્ષેત્રમાં અગ્રેસર હોવા છતાં કમને પણ એ વાતનો સ્વીકાર કરવો પડશે કે સ્ત્રીઓએ વર્તમાન ટેકનોલોજીની સદીમાં પણ ભેદભાવ અને પોતાની સુરક્ષાનો સામનો કરવો પડે છે. મહિલાઓની સુરક્ષા માટે અનેક કાયદાઓ - વર્તમાન છે. પરંતુ ફક્ત કાયદાઓથી કામ ચાલી શકે નહીં. લોકોની માનસિકતામાં પણ બદલાવ આવે એ જરૂરી છે. કોઈપણ સમાજમાં મહિલાઓ આધારસ્તંભ છે. સમાજની સુરક્ષા મહિલાઓની સુરક્ષા થકી જ શક્ય બને છે. સ્ત્રીને આદર અને સન્માન થકી સુરક્ષાનો પ્રશ્ન હલ થઈ શકે છે. દરેક મહિલા નિર્ભયપણે પોતાનું જીવન જીવી શકે એ સ્વસ્થ સમાજની નિશાની છે. કેટલાક દેશોમાં મહિલાઓને પોતાની સુરક્ષા માટે અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આપણા દેશમાં સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવે છે છતાં પણ મહિલાઓ હિંસાનો ભોગ બનવાના સમાચાર અવરનવર અખબારમાં વાંચવા મળે છે. મહિલા સુરક્ષા સંબંધીત કડક કાયદો હોવા છતાં પણ એના અમલીકરણમાં કચાશને કારણે મહિલાઓની સુરક્ષા હંમેશા ચિંતાનો વિષય રહ્યો છે. ડિજિટલ યુગમાં મોબાઈલમાં વુમન સેફટી એપ્લિકેશન સુરક્ષામાં મદદરૂપ થઈ શકે છે. રાષ્ટ્રના વિકાસમાં સ્ત્રીઓનું યોગદાન જ્યારે વધતું જાય છે ત્યારે મહિલા સુરક્ષા એ પ્રગતિ સમાજ માટે અતિ મહત્વનો પ્રશ્ન છે. રાષ્ટ્રના વિકાસ માટે સ્ત્રીઓની સુરક્ષા એ પૂર્વશરત છે. મહિલા સુરક્ષા અંગે અનેક પ્રયત્નો થયા હોવા છતાં પણ રોજેરોજ બનતી સ્ત્રી અત્યાચારની ઘટનાઓને ધ્યાનમાં લેતા એ દિશામાં હજી ઘણું કરવાનું બાકી હોય એમ લાગે છે. મહિલા સુરક્ષા એ સમાજની સામૂહિક જવાબદારી છે. ભારતના કોઈપણ રાજ્યમાં મહિલાઓ જ્યારે સુરક્ષિત થશે ત્યારે જ એ રાજ્યોનો વિકાસ કે પ્રગતિ પણ થઈ શકશે મહિલાઓ માટે જાહેર જીવનમાં પણ અગ્રેસર છે ત્યારે મહિલાઓની સલામતી એ વર્તમાન ડિજિટલ યુગની માંગ પણ છે.

**-ડો. જે. એમ. નાયક, નવસારી**

## મારું જીવન સારું જીવન



જીવન માટીના પીંડા જેવું છે. એના ઘાટનો આધાર માણસ પર છે. જીવન નકરા પથ્થર જેવું છે. ઘાટનો આધાર શિલ્પીના ટાંકણા પર છે. આપણો અભિગમ એટલે કે આપણી દ્રષ્ટિ બદલાય તો આપણું જીવન આના જેવું કે તેના જેવું નહીં પણ જીવન જેવું જ જીવન રહેશે. આપણું મન કેટલી બધી વસ્તુઓથી, કેટલાં બધાં વિચારોથી જકડાયેલું છે. અને આપણે મુક્તિની વાતો કરીએ છીએ. આ બધી મુક્તિની વાતો બાહ્ય છે. સપાટી પરની છે. બાહ્ય સ્વતંત્રતા એ આંતરિક સ્વતંત્રતા નથી. અને જયાં લગી આંતરિક રીતે સ્વતંત્ર ન હોઈએ ત્યાં સુધી, ત્યાં લગી બાહ્ય સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. આપણાં મનને તળિયે અને સપાટી પર કેટલાય પૂર્વગ્રહો અને પક્ષપાતો પથરાઈને પડેલાં છે. સદ્ધાંતોની વાતો કરીએ છીએ પણ, મૂળ તો આપણાં એ અહમરંગી અભિ-યો જ હોય છે. આપણે પણ કંઠી બાંધી ફરીએ છીએ. બીજા પણ કોઈ કંઠી બાંધે એવું આપણે ઈચ્છીએ છીએ ને આમ જીવનને કુંઠિત કરીએ છીએ.

જીવન કદીએ સંકોચમાં પ્રગટ ન થાય. જેવી તમે કંઠી બાંધી એટલે સંકોચિત થયા. જીવન છે સુખ સહજતામાં, અને જીવનનો એક જ અર્થ છે નિરામય મનની, કામ, ક્રોધ, મધ, મોહ, લોભ, સ્પર્ધા, ઈર્ષાથી મુક્તિ. મુક્તિ એટલે મોકળાશ મનની મોકળાશ. અવકાશમાં જ અસ્તિત્વ સંભવિત છે. જ્યાં ખાલી મન જ સભર થઈ શકે છે. સભરતાનો અનુભવ એટલે ખાલીપણાનો અનુભવ. ખાલીપાનો નહીં. આ અભિગમ હોય પછી જીવન આપમેળે સહજ બદલાઈ જાય. એને બદલવાનો પ્રયત્ન ન કરવો પડે. જીવનને બદલવાની જરૂર નથી જરૂર છે અભિગમ બદલવાનો. મહત્વનું એ નથી કે તમારી ઉંમર કેટલી છે મહત્વનું એ છે કે તમે કઈ ઉંમરના વિચાર ધરાવો છો. વિચાર બદલશો તો વ્યવહાર બદલાશે વ્યવહાર બદલશો તો સંબંધો બદલાશે, અને સારા સંબંધો બંધાશે તો જીવન વૃંદાવન બની જશે.

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## પાપ કોઈ કરે, ભોગવે અન્ય...!



'નીટ' ની 'અનક્લીન' ઘટનાની શ્યાહી હજી સૂકાઈ પણ નથી ત્યાં સીબીએસઈનું કાંડ ચારેકોર ગાજી ચૂક્યું છે. લાખો વિદ્યાર્થીઓની મહેનત પર કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, પહોંચેલા એવા મતલબી માબાપો અને જેણે એનો લાભ લેવાનો ત્રાગડો રચી પેપર ફોડવાનું કૃત્ય કરી પાણી ફેરવ્યું છે, હતાશ અને નિરાશ કર્યા છે, અને હજારો સક્ષમ અને પ્રમાણિક વિદ્યાર્થીઓને નવેસરથી પરીક્ષા આપવા મજબૂર કર્યા છે. જે પરીક્ષા ભવિષ્યના દ્વાર ખોલે છે એજ પરીક્ષા હજારો વિદ્યાર્થીઓને હતાશાની ગર્તામાં ધકેલી દે ત્યારે ગણ્યાં ગાંઠ્યા આવા લોકોને પકડી એવો પાઠ ભણાવવો જોઈએ કે જેથી તેઓ કાયમ માટે એની સજા ભોગવતા દેખાય અને અન્યને પણ એના કર્મોની સજાનો ખ્યાલ આવે જેથી બીજી વાર આવું કરતા કોઈ વિચારે. જે શિક્ષકે, કોચે, કે તંત્રના કોઈ અધિકારીએ આ દુષ્કૃત્ય આચર્યું હોય કે એમાં સાથ આપ્યો હોય એમને તમામ પદેથી કાયમી રીતે બરખાસ્ત કરી ભ્રષ્ટાચાર દ્વારા આચરેલી તમામ સંપત્તિ જપ્ત કરી તેમના સંતાનોને ફક્ત સરકારી શાળાઓમાં જ ભણવાનું ફરમાન કરવું જોઈએ.

જે માબાપે તેમના સંતાનો? માટે આ કૃત્યમાં ભાગ લીધો હોય તેમના સંતાનોને પણ ફરીથી આ પરીક્ષાથી કાયમી દૂર કરવા જોઈએ. જે વિદ્યાર્થીઓ આ દુષ્કૃત્યમાં સામેલ થઈ પેપર ખરીદ્યું હોય એમને કાયમી ધોરણે ઉચ્ચ શિક્ષણના અભ્યાસથી શા માટે વંચિત ન કરવા જોઈએ.?

અફસોસ એ વાતનો છે કે ૧૬ થી ૧૭ વર્ષની ઉંમરે લેવામાં આવતી આવી પરીક્ષાઓ પોષાય છે કોને..? મોટે ભાગે ધનાઢ્ય પરિવારો અને ભ્રષ્ટ અધિકારીઓ આ કૌભાંડના પ્રણેતા છે. ત્યારે ઉપરછલ્લી તપાસને બદલે નક્કર એવા પગલાં નીટ હોય કે સીબીએસઈ જેવી પરીક્ષાઓમાં કાયમી ધોરણે થતાં આવા કૌભાંડમાં જે કોઈ જવાબદાર લોકો સામેલ હોય તેમને લાખો વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડાં કરવા માટે અને ભ્રષ્ટ નિતી રીતી માટે સખતમાં સખત સજા થાય એ? જોવાની જવાબદારી સરકાર, શિક્ષણ વિભાગ અને તંત્રની છે. યુવા વયે આ સમાજ જો આવો જ વારસો અને આવા સંસ્કાર યુવા પેઢીને આપવા માગે છે..! કુમળા માનસ પર આવી ઘટના ભયાવય હતાશા સાથે કઠુરાઘાત પહોંચાડે છે, સંવેદનશીલ માનસ ડીપ્રેશનમા આવી જાય છે, આત્મઘાતી પગલું ભરી બેસે એને? માટે શું આ ભ્રષ્ટ લોકો જવાબદાર નથી..? શા માટે એમને જવાબદાર ગણવા જોઈએ નહીં. આ એક ઘાતક એવો પૈસા માટે અને પૈસા થકી ચાલતો ખૂની ખેલ જ કહી શકાય. ત્યારે આવા તત્વો માટે ફાંસીની સજા પણ ઓછી ગણાય એવું આ લખનારનું માનવું છે.

શિક્ષણ વ્યવસ્થાની અસમાનતા આ રોગનું કારણ છે. નિંભર અને ભ્રષ્ટ તંત્ર અને માટે જવાબદાર છે, સાથે ભ્રષ્ટ એવા માબાપ પણ દૂધે ધોયેલા નથી. સરકાર દ્વારા સમાન હક્ક અને કોમન સીવીલ કોડની વાત થઈ રહી છે ત્યારે ભણવાના બધાને મળવા પાત્ર અધિકારની વાત કરતા બધાને ફક્ત સમાન ભણાવતી શિક્ષણ વ્યવસ્થા શા માટે ન ગોઠવી શકાય.?

સુદામા ને કૃષ્ણ સાથે શા માટે ભણી ન શકે.? આજે ગરીબો અને ધનિકો માટેની શાળાઓ અલગ જણાય છે સુવિધાઓ અલગ છે, અભ્યાસ અને પુસ્તકો અલગ છે, જ્યારે આવી પરીક્ષાઓ એક સમાન છે એ વાત કંઈક ગળે ઉતરતી નથી.

સરકાર અને શિક્ષણ વિભાગ સત્વરે આ તફાવત દૂર કરે અને સમાનતાની કાગળ પરની વાતોને વાસ્તવિક બનાવે, હકીકત પુરવાર કરે અને પરીક્ષાની વ્યવસ્થાના આ છીંડા બંધ કરી સજ્જડ નક્કર વ્યવસ્થા ઉભી કરે એ સમયની માંગ છે. આવતી પેઢીના આત્મનિર્ભર ભારતના નિર્માણની વાત છે યુવા પેઢીને સુરક્ષિતતા બક્ષવા નક્કર પગલાં લેવાની વાત છે.

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

**- લાયન કિરીટ શાહ. વાપી**

## દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.

- સંપાદક

**દૈનિક ઈન્ટરનેટ પર PDFમાં કોઈપણ વ્યક્તિને વિશ્વમાં કોઈપણ સ્થળે ઉપલબ્ધ છે. www.damangangatimes.com**

# અન્ય સમાચારો

Thursday 11, June 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 11, June 2026

## વિપક્ષી મોરચાનું દિલ્હી મંથન

કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને ૧૨ વર્ષ પૂરાં થયાં એ પૂર્વે જ વિરોધપક્ષોનાં 'ઈન્ડિ' ગઠબંધનની નવી દિલ્હી ખાતે મળેલી બેઠક સૂચવે છે કે, વિપક્ષી મોરચો પોતાનું અસ્તિત્વ ટકાવવા ગંભીર છે. આ બેઠક એવા સમયે મળી, જ્યારે કોંગ્રેસ જનતા પાર્ટી (સીજેપી)એ નવી દિલ્હીમાં યુવાઓની રેલી યોજીને ‘નીટ’ પરીક્ષા પ્રશ્નપત્ર ફૂટી ગયાં એ મુદ્દે તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગ્યું. આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલે સીજેપીને સમર્થન જાહેર કર્યું છે, પરંતુ બીજા વિરોધપક્ષો હજુ અંતર બનાવી બેઠા છે. મોદી સરકાર સામે મોરચો મંડાય એ વિપક્ષી છાવણી માટે તો ગૂડ ન્યૂઝ જ છે, પણ આટલું પૂરતું નથી. કોંગ્રેસ પાર્ટી વિદેશી યુવાઓના હાથમાં છે, કોણ સશક્ત થશે એ કહેવું મુશ્કેલ, આવનારી ચૂંટણીઓમાં સારું પરિણામ મેળવવું હશે કે મોદી સરકારના લોખંડી ગઢના કાંગરા ખેરવવા હશે તો વિરોધપક્ષોએ સંગઠિતપણે જબરજસ્ત પ્રયાસ કરવો જરૂરી છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓએ પણ બે કલાકનાં મંથન બાદ દેશના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગ્યું છે. આ બેઠકમાં સોનિયા ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી અને સુપ્રિયા સૂલે પણ હાજર હતા. વિપક્ષો વચ્ચે પાંચ મુદ્દા પર સહમતી રચાઇ છે. એસઆઇઆર મુદ્દે સીજેઆઇને પત્ર લખવાનું બેઠકમાં નક્કી થયું છે. આગામી મહિનાઓમાં ઉત્તરપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં આવનાર વિધાનસભા ચૂંટણી નજરે આ બેઠક ભારે મહત્ત્વ ધરાવે છે. બેઠકનો હકારાત્મક સંદેશ એ છે કે, પ્રાદેશિક અને વૈચારિક મતભેદો છતાં ૨૫ જેટલાં દળો સરકારને પાયાના મુદ્દે ભીંસમાં લેવા માટે -તિબદ્ધ છે. બેરોજગારી, મોંઘવારી, ખેડૂતોના પ્રશ્નો, સામાજિક સૌહાર્દ જેવા વિષયો પર એકસમાન દૃષ્ટિકોણ ઊભો કરવાના પ્રયાસ દ્વારા ઈન્ડિ જોડાણે સંકેત આપ્યો છે કે, તેઓ માત્ર 'મોદીવિરોધી'ને બદલે પ્રજાને કનડતી સમસ્યાઓ ઉઠાવીને પોતાનો જનાધાર વિસ્તારવા પ્રયત્ન કરશે. ઈન્ડિ જોડાણની બેઠકમાં પાંચ મુદ્દા પર સંમતિ થઇ છે. આ બેઠકમાં મમતા બેનર્જી હાજર હતાં, પણ તેમની શક્તિ ઓસરી ચૂકી છે. એક સમયે કોંગ્રેસને જરાય ન ગણકારતાં મમતા હવે દિલ્હીમાં રાજનીતિ કરવાનો ઈરાદો ધરાવે છે. બેઠકમાં ડીએમકે અને આમ આદમી પાર્ટી સામેલ નહોતા થયા. મલ્લિકાર્જુન ખડગેના જણાવ્યા અનુસાર એક મહિના બાદ ફરી બેઠક મળશે, એટલું જ નહીં, સંસદનાં ચોમાસું સત્રમાં વિરોધપક્ષોએ તાલમેલ જાળવીને કામ કરવાનું નક્કી કર્યું છે. ભાજપે ઈન્ડિ બેઠકની એમ કહેતાં આલોચના કરી છે કે, વિરોધપક્ષો ખુદ પોતાના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. આગળ જતાં સંગઠનની એક્તા પડકારરૂપ બની છે, કેમ કે, શાસક છાવણીને સામે છેડે બેઠેલા આ બધા પક્ષો કે નેતાઓ પ્રાદેશિક વિચાર વિરોધ ધરાવે છે, ક્યાંક તો સીધી ટકરાવની સ્થિતિમાં છે. તામિલનાડુમાં કોંગ્રેસ મુખ્યમંત્રી વિજયના પક્ષ ટીવીકેને સમર્થન આપતાં ડીએમકેના નેતા સ્ટાલીન નારાજ છે. કોંગ્રેસે તો એમ પણ કહ્યું છે કે, ભવિષ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અને લોકસભાની ચૂંટણી પણ ટીવીકે સાથે મળીને લડશે. આમ તામિલનાડુની રાજનીતિમાં કોંગ્રેસ અને ટીવીકેના યુતિને લીધે ડીએમકેએ ઈન્ડિ ગઠબંધનમાં સામેલ થવાની નામરજી દર્શાવી છે. આવતાં વર્ષે ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી આવી રહી છે. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવની નજર તેના ઉપર છે. અત્યારે ઐક્યની ચર્ચા કરતા આ નેતાઓ ચૂંટણી સમયે બેઠક વહેંચણી વખતે ભાઇચારો ભૂલી જતા હોય છે. ટૂંકમાં ઈન્ડિ જોડાણની અંદર અને બહાર તાલમેલ જાળવવાનો પડકાર રહેશે. પશ્ચિમ બંગાળ, પંજાબ, ઉત્તર-દેશ જેવાં રાજ્યોમાં પ્રાદેશિક પક્ષોની પોતાની રાજકીય મહત્ત્વાકાંક્ષા છે. વળી ગઠબંધનનું નેતૃત્વ કે તેનો ચહેરો કોણ એ પણ તકરારનો વિષય બની શકે. બેઠકમાં વિપક્ષી નેતાઓ ઉમળકાથી હાથ મિલાવે એનો અર્થ એ નથી કે તેમનાં દિલ પણ મળી ગયાં છે. મોદી સરકારનો મુકાબલો કરવા માટે નક્કર સંગઠનાત્મક તાલમેલ ખૂબ જરૂરી છે.

### સોનિયા ગાંધીની મમતા બેનર્જીને ઓફર

## ટીએમસીને કોંગ્રેસમાં ભેળવી દો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કોલકાતા, તા.૧૦ :** પશ્ચિમ બંગાળના રાજકારણમાં હાલ એક મોટો વળાંક આવતો જોવા મળી રહ્યો છે. વિધાનસભા ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) માં મોટા પાયે ભંગાણ સર્જાયું છે અને પાર્ટી પતનની અણી પર છે. આ કટોકટીના સમયમાં સોનિયા ગાંધીએ મમતા બેનર્જીને એક મોટી ઓફર આપી છે. સોનિયા ગાંધીએ મમતાને પોતાની પાર્ટી ટીએમસીને કોંગ્રેસમાં વિલય કરી દેવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના બદલામાં તેમને કોંગ્રેસમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષનું પદ આપવાની વાત કહેવામાં આવી છે. એટલું જ નહીં, તેમના ભત્રીજા અભિષેક બેનર્જી માટે પણ પાર્ટીમાં મોટા પદની ઓફર કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીએ જાતે મમતા બેનર્જીને ફોન કરીને આ ઓફર આપી છે. તેમણે સલાહ આપી છે કે ભાજપના સતત થઈ રહેલા રાજકીય હુમલાઓથી બચવા માટે ટીએમસીનું કોંગ્રેસમાં જોડાણ કરવું એ જ શ્રેષ્ઠ રસ્તો છે. જો આમ નહીં થાય તો ભાજપ તેમને આમ આદમી પાર્ટી (આપ) ની જેમ જ હેરાન કરશે. આ ડીલ મુજબ મમતાને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ અપાશે, જ્યારે તેમના ભત્રીજા અને સાંસદ અભિષેક બેનર્જીને કોંગ્રેસમાં રાષ્ટ્રીય મહાસચિવ બનાવવામાં આવશે. એવી પણ માહિતી મળી છે કે મમતા બેનર્જીએ આ પ્રસ્તાવ પર વિચાર કરવા અને અંતિમ નિર્ણય લેવા માટે થોડા દિવસોનો સમય માંગ્યો છે. ઉલ્લેખનીય છે કે બંગાળમાં પાર્ટીની અંદર આંતરિક ખેંચતાણ ચરમસીમાએ છે. પાર્ટીના ઘણા નેતાઓ હવે ખુલ્લેઆમ અભિષેક બેનર્જીની વિરુદ્ધ થઈ ગયા છે, જેનાથી મમતા બેનર્જી માટે સ્થિતિ અત્યંત કપરી બની ગઈ છે. મમતા બેનર્જીના ૮૦ ધારાસભ્યોમાંથી ૫૮ ધારાસભ્યોએ બળવો કરીને પોતાનું અલગ જૂથ બનાવી લીધું છે. આટલું જ નહીં, દિલ્હીમાં પણ પાર્ટીના લગભગ ૨૦ જેટલા સાંસદો ટીએમસીથી અલગ થઈ ગયા છે.

## મોદીએ ભારતના પ્રથમ વડાપ્રધાન નેહરુનો રેકોર્ડ તોડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય રાજકારણમાં વધુ એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. તેઓ સૌથી લાંબા સમય સુધી દેશની સેવા કરનારા ચૂંટાયેલા વડાપ્રધાન બન્યા છે. વડાપ્રધાન મોદીએ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનો રેકોર્ડ તોડ્યો છે. નેહરુએ ૧૩ મે, ૧૯૫૨ના રોજ પહેલી વાર વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા અને સતત ૪૩૯૮ દિવસ સુધી સેવા આપી હતી. નરેન્દ્ર મોદીએ હવે ૪૩૯૯ દિવસ વડાપ્રધાન તરીકે પૂર્ણ કર્યા છે, જે સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા વડાપ્રધાન બન્યા છે. વડાપ્રધાન મોદીએ ૨૬ મે, ૨૦૧૪ના રોજ પહેલી વાર વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા અને ત્યારથી તેમનો કાર્યકાળ અવિરત ચાલુ છે.

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ માં સતત ત્રણ લોકસભા ચૂંટણીઓ જીતી. આ મહત્વપૂર્ણ સિદ્ધિ માટે પીએમ મોદીને દેશ અને દુનિયામાંથી અભિનંદન મળી રહ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ભારતીય ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સેવા આપવાનો રેકોર્ડ હાંસલ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું હતું કે, "આ ઐતિહાસિક સિદ્ધિ પર ૧.૪૫ અબજ ભારતીયોની સેવા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે સતત સમર્પણ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હાર્દિક અભિનંદન." તેમણે કહ્યું કે ભારતીય લોકશાહીમાં આ અભૂતપૂર્વ સિદ્ધિ દેશવાસીઓના વિશ્વાસ, સ્નેહ અને આશીર્વાદની સામૂહિક અભિવ્યક્તિ છે.

યોગી આદિત્યનાથે પોતાના સંદેશમાં કહ્યું હતું કે ઈતિહાસમાં આવા પ્રસંગો ખૂબ જ ઓછા આવે છે જ્યારે કોઈ નેતા માત્ર સરકારનું નેતૃત્વ જ નહીં કરે પણ એક સમગ્ર યુગની ચેતનાનું પ્રતિક પણ બને છે. તેમણે આ સિદ્ધિને વડાપ્રધાન મોદીની દૃઢતા, બલિદાન, દ્રષ્ટિ અને દેશભક્તિને શ્રદ્ધાંજલિ ગણાવી, જેણે લાખો ભારતીયોને 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે જોડ્યા છે.

## જમ્મુ-કાશ્મીરના ઉરીમાં LoC નજીક બ્લાસ્ટ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જમ્મુ, તા.૧૦ :** જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં લાઈન ઓફ કન્ટ્રોલ (LoC) નજીક એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. મંગળવારે મોડી સાંજે ઉરીના કમલકોટ વિસ્તારમાં લાઈન ઓફ કન્ટ્રોલ પાસે અચાનક થયેલા એક જોરદાર બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ત્યારબાદ સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો.

આ અકસ્માત તે સમયે થયો જ્યારે બંને બહાદુર જવાનો સરહદ પર પોતાની ફરજ બજાવી રહ્યા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે જવાનોને બચાવવાની તમામ કોશિશો નિષ્ફળ નીવડી હતી. આ આકસ્મિક ઘટનાને પગલે સમગ્ર દેશ સહિત શહીદ જવાનોના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

દેશની રક્ષા કાજે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનારા આ બંને વીર જવાનો મહારાષ્ટ્રના વતની હતા. શહીદ જવાનોની ઓળખ ચવ્હાણ વિક્રમ બાલકૃષ્ણ અને અર્જુન જાધવ રાજેન્દ્ર તરીકે થઈ છે. જેમાં વિક્રમ બાલકૃષ્ણ મહારાષ્ટ્રના ઐરોલીના રહેવાસી હતા, જ્યારે અર્જુન જાધવ રાજેન્દ્ર મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડ તાલુકાના શાહપુર ગામના વતની હતા. માતૃભૂમિની સેવા કાજે આપેલા આ સર્વોચ્ચ બલિદાનને રાષ્ટ્ર હંમેશા આદરપૂર્વક યાદ રાખશે.

સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કમલકોટ સેક્ટરમાં વિસ્ફોટ થયા બાદ તરત જ બંને જવાનોને અત્યંત ગંભીર હાલતમાં એરલિફ્ટ કરીને શ્રીનગરના બાદામીબાગ સ્થિત સેનાની ૯૨ બેઝ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હાજર મિલિટરી ડૉક્ટરોની ટીમે તેમને બચાવવા માટે તમામ શક્ય પ્રયાસો કર્યા હતા. જોકે, બંને જવાનોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાના કારણે તમામ તબીબી પ્રયત્નો છતાં તેમને બચાવી શકાયા નહોતા અને સારવાર દરમિયાન જ તેઓ વીરગતિ પામ્યા હતા.

આ આકસ્મિક વિસ્ફોટ ન્ઝના અત્યંત સંવેદનશીલ એવા કમલકોટ વિસ્તારમાં થયો હતો. લાઈન ઓફ કન્ટ્રોલ પર આવેલા આવા ફોરવર્ડ લોકેશન્સ પર અવારનવાર જૂની લેન્ડમાઈન્સ (બારૂદી સુરંગો) અથવા વણવપરાયેલા લશ્કરી દારૂગોળાના કારણે મોટો ખતરો બનેલો રહે છે. આ બ્લાસ્ટ કયા પ્રકારનો હતો અને તેની પાછળનું સચોટ કારણ શું હતું, તે જાણવા માટે સેનાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિસ્તૃત તપાસ શરૂ કરી દેવામાં આવી છે. સરહદ પર દેશની રક્ષા કરતા સૈનિકો માટે આવા જોખમો હંમેશા એક મોટો પડકાર રહ્યા છે.

## PoKમાં પાકિસ્તાની સેનાનું Mi-17 હેલિકોપ્ટર ક્રેશ, ૨૧ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુઝફ્ફરાબાદ, તા.૧૦ :** પાકિસ્તાન આર્મી એવિએશનનું એક Mi-17 હેલિકોપ્ટર બુધવારે ક્રેશ થયું છે. આ અકસ્માત મુઝફ્ફરાબાદ નજીક ટેક-ઓફ દરમિયાન સર્જાયો હતો. ઈન્ટર-સર્વિસીસ પબ્લિક રિલેશન્સ (ISPR)ને ટાંકીને ત્યાંના સ્થાનિક અખબાર ડૉનએ પુષ્ટિ કરી છે કે, હેલિકોપ્ટરમાં સવાર તમામ ૨૧ સૈન્ય કર્મચારીઓના મોત થયા છે.

સૈન્ય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, પ્રારંભિક તપાસમાં અકસ્માતનું મુખ્ય કારણ ટેકનિકલ ખામી હોવાનું સામે આવ્યું છે. હેલિકોપ્ટરે જેવું મુઝફ્ફરાબાદ નજીકથી ઉડાન ભર્યું, કે તરત જ તે કોઈ ટેકનિકલ ગરબડનો ભોગ બન્યું અને નિયંત્રણ ગુમાવીને નીચે ગબડી પડ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સેનાની બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત કામગીરી શરૂ કરી દીધી હતી.

પાકિસ્તાનમાં Mi-17 હેલિકોપ્ટર દુર્ઘટનાનો ભોગ બન્યું હોય તેવી આ પહેલી ઘટના નથી, આ પહેલા પણ આ મોડેલના હેલિકોપ્ટરના અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. Mi-17 રશિયા નિર્મિત મીડિયમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર છે. તેને રશિયાના મિલ મોસ્કો હેલિકોપ્ટર પ્લાન્ટ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું, જે જૂના Mi-8 હેલિકોપ્ટરનું એડવાન્સ અને અપગ્રેડેડ વર્ઝન છે. આ એક અત્યંત શક્તિશાળી હેલિકોપ્ટર છે, જે સંપૂર્ણ શસ્ત્રોથી સજ્જ ૩૦ સૈનિકોને એકસાથે લઈ જઈ શકે છે. આ હેલિકોપ્ટર પોતાના કેબિનની અંદર અંદાજે ૪૦૦૦ કિલોગ્રામ (૪ ટન) સુધીનો સામાન લઈ જઈ શકે છે.

## પાકિસ્તાન અને અમેરિકા પણ શાંતિની રેસમાં ભારતથી પાછળ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૦ :** વૈશ્વિક સ્તરે વધી રહેલા યુદ્ધો અને સૈન્ય સંઘર્ષોની વચ્ચે દુનિયાના સૌથી શાંતિપૂર્ણ દેશોને લઈને એક નવો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ યાદી અનુસાર, વિશ્વના શક્તિશાળી દેશો જેવા કે અમેરિકા, રશિયા, ઇઝરાયેલ અને ઈરાનની સરખામણીએ ભારત ઘણો શાંતિપૂર્ણ દેશ સાબિત થયો છે. પાકિસ્તાન પણ શાંતિની આ યાદીમાં ભારત કરતાં ઘણું પાછળ છે. જો કે, ગયા વર્ષની સરખામણીમાં ભારતના પોતાના રેન્કિંગમાં થોડો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૫માં ભારત ૧૨૪માં સ્થાન પર હતું, જે આ વર્ષે ઘટીને ૧૨૭ માં સ્થાન પર પહોંચી ગયું છે.

વિશ્વભરમાં શાંતિની સ્થિતિ પર નજર રાખતી સંસ્થા 'ઇન્સ્ટિટ્યૂટ ફોર ઈકોનોમિક્સ એન્ડ પીસ' (IEP)ના અહેવાલ મુજબ, આ સર્વેમાં ભારતનો સ્કોર ૨.૪૦૯ રહ્યો છે, અને ભારત વૈશ્વિક સ્તરે ૧૨૭માં ક્રમે છે. આ યાદીમાં યુરોપનો નાનો દેશ આઈસલેન્ડ (Iceland) ૧૧૬૧ના સ્કોર સાથે દુનિયાનો સૌથી શાંતિપ્રિય દેશ બન્યો છે. આઈસલેન્ડ સતત છેલ્લા ૧૯ વર્ષથી વિશ્વના સૌથી શાંતિપૂર્ણ દેશ તરીકે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. રિપોર્ટ અનુસાર, હાલના દિવસોમાં મહાસત્તાઓ વચ્ચેના યુદ્ધોને કારણે વૈશ્વિક સ્તરે અશાંતિમાં મોટો વધારો થયો છે.

વૈશ્વિક શાંતિ સૂચકાંકમાં અમેરિકા ૨૫૩૫ના સ્કોર સાથે ૧૩૪માં સ્થાન પર ફેંકાઈ ગયું છે,

# સ્થાનિક સમાચારો.....સ્થાનિક સમાચારો.....સ્થાનિક સમાચારો.....સ્થાનિક સમાચારો.....

## જિલ્લાની તમામ શાળામાં શૈક્ષણિક અને વહીવટી સ્તર વધુ મજબૂત બનાવવા સેમિનાર યોજાયો






**વલસાડ, તા.૧૦ :** વલસાડ જિલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક અને વહીવટી સ્તરને વધુ મજબૂત બનાવવાના હેતુથી એક ભવ્ય કર્તવ્યક્રાંતિ સેમિનાર વલ્લભ આશ્રમ એમ. જી. એમ. અમીન અને વી. એન. સવાણી શાળા ખાતે યોજાયો હતો. આ સેમિનાર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાભરના શિક્ષણ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં ફેબ્રુઆરી- માર્ચ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાના પરિણામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી, તેમજ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં પરિણામ સુધારણા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ શાળાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આગામી વર્ષમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરે તે માટે ઉપસ્થિત સૌને સંકલ્પ લેવડાવ્યા હતા અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે '૩૬૦ ડિગ્રી એપ્રોચ' અપનાવવા ખાસ સૂચન કર્યું હતું. સેમિનારમાં વિશેષ ઉપસ્થિત સેલ્ફ ફાઈનાન્સ એસોશિયશન વલસાડના સ્થાપક અને અધ્યક્ષ પૂજ્ય કપિલ સ્વામીજીએ પ્રાસંગિક વક્તવ્ય આપતા જણાવ્યું કે, શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી પણ ચારિત્ર્ય નિર્માણનું ઘડતર છે. નવા શૈક્ષણિક વર્ષમાં તમામ શાળાઓ, સંચાલકો અને આચાર્યો સાથે મળીને વિદ્યાર્થીઓને એવું નૈતિક અને ગુણવત્તાસભર વાતાવરણ પૂરું પાડે જેથી તેઓ દેશના જવાબદાર નાગરિક બને. શિક્ષણ ક્ષેત્રે આવતા નવા પ્રવાહો અને ટેકનોલોજીને અપનાવીને આપણે વલસાડ જિલ્લાને શૈક્ષણિક ક્ષેત્રે મોખરે રાખવાનો છે. આ સેમિનારમાં પ્રેસિડન્ટ અલ્પાબેન કોટડિયા, સંચાલક મંડળમાંથી રાજુભાઇ પટેલ, આચાર્ય સંઘના -મુખ દિનેશભાઇ પટેલ, આચાર્ય રાજ્ય સંઘ અન્વેષક પંકજભાઈ પરમાર, માધ્યમિક સંઘના પ્રમુખ દીપકભાઇ પટેલ તેમજ વહીવટી સંઘના પ્રમુખ સંજયભાઇ પટેલ સહિત જિલ્લાના અન્ય અગ્રણી હોદ્દેદારો અને આચાર્યશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.


## સિદમ્બુરમાં ગેરકાયદે રેતી ખનન : ૪ ટ્રક ઝડપાઈ



**ધરમપુર, તા.૧૦ :** ધરમપુર તાલુકાના સિદમ્બુર ગામની નદીમાં ચાલી રહેલા ગેરકાયદે રેતી અને ગ્રાવલ ખનન સામે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની ટીમે બુધવારે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન ખનન અને પરિવહનમાં ઉપયોગમાં લેવાતા ચાર ટ્રકો ઝડપી પાડી વાહનો તથા ખનિજ સહિત અંદાજે રૂા. ૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં બિનઅધિકૃત રીતે રેતી અને ગ્રાવલનું ખનન થતું હોવાનું સામે આવતાં ગુજરાત ખનીજ ખાણકામ, વહન અને સંગ્રહ નિવારણ નિયમ-૨૦૧૭ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તંત્રની આ કાર્યવાહીએ ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાવ્યો છે. વધુ મા અધિકારીઓએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં પણ આવી તપાસ અને કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## વાપી મન્સુરી સમાજનું ગૌરવ



(દમપણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૦ :** હૈદરાબાદના તેલંગાણાની કલોજી નારાયણરાવ યુનિવર્સિટી ઓફ સાયન્સ - સંલગ્ન ડેકકાન કોલેજ ઓફ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી વાપીની મન્સુરી રોઝમીનબાનુ બશીર એ એપ્રિલ ૨૦૨૬માં MBBSની ડિગ્રી પ્રાપ્ત કરી, સમગ્ર મન્સુરી સમાજમાં ખુશીની લહેર પ્રસરાવી દીધી છે.

તેવો મન્સુરી સમાજમાં ડોક્ટર બનનારી રોઝમીનબાનુ સમાજની પ્રથમ દીકરી છે. બેટી બચાઓ બેટી પઢાઓઆ ઉક્તિને સાચા અર્થમાં રોઝમીનબાનુએ સાર્થક કરીને સમાજને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમને ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત કરનાર અશરફભાઈ ચુડાસમાએ રોઝમીનબાનુની ઝળહળતી સફળતા અને એમનાં ઉમદા, ઉત્તમ વિચારોને વધાવતાં, પુષ્પગુચ્છ આપી સન્માનિત કરી હતી.

## વાપીના કરવડમાં બે યુવકને કચડી મારનાર બસ ચાલક સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૦ :** વાપી નજીક કરોડ પાસે ગઈકાલે સાંજે વાપી મહાનગરપાલિકાની સીટી બસના ચાલકે હીરો હોન્ડા બાઈક સવાર બે યુવકને લઈ મોત નીચાવાને ગુનામાં બસ ચાલક સામે આજે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે સાંજે વાપી નજીક કરોડ પાસે મુખ્ય રોડ પર સીટી બસ નંબર જીજે ૧૫



એએક્સ ૮૧૫૬ના ચાલે છે. પૂર ઝડપે બસ અહંકારી સામેથી આવતી હિરો હોન્ડા બાઈકને અડફેટી લેતા બાઈક ચાલક શૈલેષ વેલજી બૂહા ઉંમર વર્ષ ૩૦ રહે. તાલુકા કપરાડા તથા રિપલ લહાણુ દાપટનું ગંભીર ઈજાના કારણે સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. ઉપરોક્ત બનાવમાં મૃતક શૈલેષના પિતરાઈ ભાઈ -ફુલ મૂળજી બુહાએ વાપી પોલીસ સ્ટેશને વાપી સિટીબસના ચાલક અરવિંદ રામ ભાઈ ગાંવિત ઉંમર વર્ષ ૨૭ રહે પીપલ પાડા, ધારમપુર સામે ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

(અનુ. પા.નં. ૫ પર)
પા.નં. ૧ નું ચાલુ...
**સરોધીમાં રૂા.૩૭.૧૫ ...**

પોલીસ દ્વારા એફએસએલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ના અધિકારીને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. એફએસએલ અધિકારી પી.વી. પટેલે સ્થળ પર જ ગાંજાના છોડના પાંદડાનું પરીક્ષણ કર્યું હતું. પ્રાથમિક પરીક્ષણમાં તમામ છોડમાં કેનાબિસના સક્રિય તત્વોની હાજરી હોવાનું સામે આવ્યું હતું, જેના આધારે તે ગાંજાના છોડ હોવાનું નિશ્ચિત થયું હતું પોલીસે તમામ ૧૮ છોડને મૂળ સહિત ઉખેડી એકત્ર કર્યા હતા. ત્યારબાદ સ્થળ પર બોલાવવામાં આવેલા વજનકાંટા મારફતે છોડનું વજન કરવામાં આવ્યું હતું. વજન પ્રક્રિયા દરમિયાન કાપડની ખોલ અને અન્ય સામગ્રીનું અલગથી વજન કર્યા બાદ ગાંજાના છોડનું કુલ ચોખ્ખું વજન ૭૪.૩૧૦ કિલોગ્રામ નોંધાયું હતું. બજાર કિંમત મુજબ તેની કિંમત રૂ. ૩૭,૧૫,૫૦૦ આંકવામાં આવી હતી પોલીસે ગાંજાના છોડ ઉપરાંત કંટ્રોલ સેમ્પલ તરીકે માટીનો નમૂનો પણ જપ્ત કર્યો હતો. સમગ્ર મુદ્દામાલને પંચોની હાજરીમાં સીલ કરીને કબજે લેવામાં આવ્યો હતો. ઉપરાંત આરોપી જીતેન્દ્રભાઈ પાસેથી વિવો કંપનીનો મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યો હતો તપાસ દરમિયાન જીતેન્દ્રભાઈએ મહત્વનો ખુલાસો કરતાં જણાવ્યું હતું કે સરોધી ગામના રહેવાસી અને જમીન માલિક હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલ દ્વારા તેને ગાંજાનું બિયારણ આપવામાં આવ્યું હતું. ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન તેણે આ બિયારણની વાવણી કરી હતી અને ત્યારથી તે ગાંજાના છોડને પાણી આપીને તેની દેખરેખ રાખતો હતો. જોકે આ ગાંજાનો ઉપયોગ કે વેચાણ માટે શું આયોજન હતું તે અંગે તેને જાણ ન હોવાનું જણાવ્યું હતું દરમિયાન સરોધી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ સ્થળના દસ્તાવેજો રજૂ કરતાં જમીનનો સર્વે નંબર તથા માલિકીની વિગતો પોલીસને આપી હતી. આ દસ્તાવેજોના આધારે જમીનની માલિકી અંગેની તપાસ પણ હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યવાહી બાદ પોલીસે જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુ અમૃતભાઈ વારલીની ધરપકડ કરી હતી. જ્યારે જમીન માલિક હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલને વોન્ટેડ જાહેર કરીને તેની શોધખોળ શરૂ કરી છે આ અંગે એસઓજીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર યોગેશકુમાર પાતાભાઈ હડીયાની ફરિયાદના આધારે બંને આરોપીઓ સામે એનડીપીએસ એક્ટ - ૧૯૮૫ની કલમ ૮(B)(C), ૨૦(A), ૨૦ (B)(II)(C) અને ૨૯ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે કબજે કરાયેલા ગાંજાના છોડ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૩૭,૨૦,૫૦૦ના મુદ્દામાલ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે વેબસાઈટની
અવશ્ય
મુલાકાત લો
www.damangangatimes.com

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૨૬૧/૨૦૨૫

અરજદાર :- **હળપતિ શૈલેષ મગનભાઈ**
રહે. ઉમરસાડી માછીવાડ ચૌટા ફળિયા તા.પારડી

**વિરૂધ્ધ**

સામાવાળા :- **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી ઉમરસાડી દેસાઈવાડ
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હળપતિ શૈલેષ મગનભાઈ**, રહે. ઉમરસાડી માછીવાડ ચૌટા ફળિયા, તા.પારડીનાએ તેઓના દાદા **નારણભાઈ ઉકાભાઈ હળપતિનું** મરણ તા.૦૫/૦૩/૧૯૭૬ ના રોજ મોજે- ઉમરસાડી દેસાઈવાડ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૨૬૧-૨૦૨૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

## જાહેર સૂચના

મેં; હેમા ડાઈ કેમ પ્રા. લિ. (યુનિટ-૨), પ્લોટ નં. ૧૪૦૧/૬ અને ૧૪૦૧/૪, ફેઝ-III, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વાપી - ૩૯૬૧૯૫, તા. પારડી, જિ. વલસાડ, ગુજરાત ને ડાઈઝ ઈન્ટરમીડિએટ્સ અને એપીઆઇ ઈન્ટરમીડિએટ્સ ના ૧૦૪૦ મે.ટન પ્રતિ માસ ઉત્પાદન (પ્રસ્તાવિત વિસ્તરણ) માટે મળેલ 'પર્યાવરણીય પરવાનગી' ની જાહેરાત.

આ જાહેરાતનો મુખ્ય આશય જાહેર જનતાને જણાવાનો છે કે 'ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC), નવી દિલ્હી તરફથી મેં; હેમા ડાઈ કેમ પ્રા. લિ. (યુનિટ-૨), પ્લોટ નં. ૧૪૦૧/૬ અને ૧૪૦૧/૪, ફેઝ-III, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, વાપી - ૩૯૬૧૯૫, તાઁ પારડી, જિઁ વલસાડ, ગુજરાત ને ડાઈઝ ઈન્ટરમીડિએટ્સ અને API ઈન્ટરમીડિએટ્સ ના ૧૦૪૦ મે.ટન પ્રતિ માસ ઉત્પાદનના પ્રસ્તાવિત વિસ્તરણ પ્રોજેક્ટ માટે પર્યાવરણીય પરવાનગી તેમના પત્ર ક્રમાંક નં. IA-J-11011/86/2024-IA-II(I) તા. ૨૭/૦૫/૨૦૨૬ તથા ઈ.આઈ.એ. નોટીફિકેશન ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૬ અંતર્ગત માન્ય રાખેલ છે. ઉપરોક્ત પર્યાવરણીય પરવાનગી નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને PARIVESH પોર્ટલ (https://parivesh.nic.in/) પર ઉપલબ્ધ છે

**મેં; હેમા ડાઈ કેમ પ્રા. લિ. (યુનિટ-૨),**
(ડાયરેક્ટર)

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૪૮/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૦૭/૦૬/૨૦૨૬**

**વાદી : શ્રી અનુપમાબેન કિશોરભાઈ પટેલ તે અજયકુમાર પટેલની પત્ની,**
**રહે.** રાનકુવા, હાઈસ્કૂલ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીના તે હાલ રહે. બીલીમોરા તા.ગણદેવી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, તલોધ, તા.ગણદેવી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અનુપમાબેન કિશોરભાઈ પટેલ તે અજયકુમાર પટેલની પત્ની**, રહે. રાનકુવા, હાઈસ્કૂલ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીના તે હાલ રહે. બીલીમોરા તા.ગણદેવી, જી.નવસારીનાઓએ તેઓના ભાઈ **સ્વ.નિમેષ કિશોરભાઈ પટેલ**નું મરણ તા.૦૭/૦૨/૧૯૯૬ના રોજ મોજે. તલોધ, તા.ગણદેવી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૫/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી જગુભાઈ ભીખાભાઈ પટેલ,**
**રહે.** વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાંઝણા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગુભાઈ ભીખાભાઈ પટેલ**, રહે. વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના માતાશ્રી **સ્વ. ઝાંઝુલીબેન ભીખાભાઈ પટેલ**નું મરણ તા.૧૪/૦૩/૧૯૯૬ના રોજ મોજે. વાંઝણા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શહેર)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૯૦/૨૦૨૬**

**અરજદાર : ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ**
**રહે.** બલીઠા, બંગલી ફળિયા, વાપી, તા.વાપી, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : સબ રજીસ્ટ્રાર વાપી મહાનગરપાલિકા,**
**તા. વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ** રહે. બલીઠા, બંગલી ફળિયા,વાપી, તા.વાપી, જી.વલસાડનાઓએ તેમના પિતાશ્રી **સ્વ. બાબુભાઈ વણસાભાઈ પટેલનું** મરણ તા.૦૬/૦૫/૧૯૮૩ના રોજ મોજે બલીઠા, તા.વાપી ખાતે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે સમયે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા પોતાના વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, વાપી (શહેર), તા. વાપીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/રજી૯૦/વશી૬૧૮/૨૦૨૬**
**એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર વાપી (શ)ની કચેરી તાલુકા સેવા સદન, નેશનલ હાઈવે, બલિઠા, તા.વાપી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વાપી (શહેર)**

## સફાઈનું ટેન્ડર

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ઉ.માછીવાડ તા.પારડી ગામે ગામમાં સપાઈ કરાવવા માટે સફાઈનો કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ, જેથી ઈચ્છા ધરાવતા કોન્ટ્રાક્ટરોએ ઓફીસ સમય દરમ્યાન દિન-૧૫માં ગ્રામ પંચાયત કચેરીએ મોકલી આપવું.

### ગ્રામ પંચાયતની શરતો

૧) જાહેર જગ્યા તથા ગામનાં તમામ ફળિયામાંથી કચરો ઉઠાવવાનો રહેશે.
૨) ગ્રા.પંચાયતનાં ટ્રેક્ટર તથા ઈ-ટેમ્પોની જાળવણી કોન્ટ્રાક્ટરની રહેશે. (૫૦ ટકા ગ્રામ પંચાયત ખર્ચ કરશે)
૩) કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો રહેશે.
૪) રોડ- રસ્તા અને જાહેર જગ્યા દરરોજ સાફ કરવાની રહેશે.
૫) ટેન્ડર બંધ કવરમાં આપવાનું રહેશે.

**સરપંચ**
**ગ્રામ પંચાયત ઉમરસાડી માછીવાડ**
**તા.પારડી, જી.વલસાડ**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૮/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી અમૃતભાઈ પરભુભાઈ પટેલ,**
**રહે.** હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, હરણગામ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમૃતભાઈ પરભુભાઈ પટેલ**, રહે. હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદાશ્રી **સ્વ. ફકીરભાઈ છીબડાભાઈ પટેલ**નું મરણ તા.૧૬/૦૨/૧૯૭૭ના રોજ મોજે. હરણગામ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૪/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી જગુભાઈ ભીખાભાઈ પટેલ,**
**રહે.** વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાંઝણા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગુભાઈ ભીખાભાઈ પટેલ**, રહે. વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદાશ્રી **સ્વ. ચતુરભાઈ બાપુડીઆભાઈ પટેલ**નું મરણ તા.૧૫/૦૧/૧૯૭૦ના રોજ મોજે. વાંઝણા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM SUMA P.M TO SUMA ARJUN ADDRESS: - 14/147/A-1-G-2, PRANAV APPARTMENT, SAI KRIPA SOCIETY -4, MASHAL CHOWK, NANI DAMAN-396210.


**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની અવશ્ય મુલાકાત લો**
**www.damangangatimes.com**


## CHANGE OF NAME

OLD NAME : NANCY MARY FELIX NUNES.
NEW NAME: NANCY FELIX NUNES.
HUSBAND OLD NAME: FELIX ANTHON NUNES.
HUSBAND NEW NAME: FELIX ANTON NUNES.
OLD ADDRESS : NAROLI ROAD,SILVASSA ,OPP NATRAJ HOTEL ,DADRA & NAGAR HAVELI-396230.
NEW ADDRESS: 749/ 1,NAROLI ROAD,SILVASSA ,OPP NATRAJ HOTEL ,DADRA & NAGAR HAVELI-396230.

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

**જ.મ.પ.અ.નં.૧૨૧૨/૨૦૨૬**

**અરજદાર : ઈશ્વરભાઈ છોટુભાઈ પટેલ,**
**રહે.** આગળ ફળિયા, માલવણ,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, માલવણ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઈશ્વરભાઈ છોટુભાઈ પટેલ,** રહે.આગળ ફળિયા, માલવણ, તા.જી.વલસાડએ તેમના પિતા **છોટુભાઈ રવજીભાઈ પટેલનું** મરણ તા.૧૧-૦૮-૨૦૦૬ના રોજ મોજે. માલવણ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૨૧૨/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૬/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી જગુભાઈ ભીખાભાઈ પટેલ,**
**રહે.** વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાંઝણા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગુભાઈ ભીખાભાઈ પટેલ**, રહે. વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદીશ્રી **સ્વ. મંછીબેન ચતુરભાઈ પટેલ**નું મરણ તા.૧૨/૦૯/૧૯૬૮ના રોજ મોજે. વાંઝણા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી જગુભાઈ ભીખાભાઈ પટેલ,**
**રહે.** વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાંઝણા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગુભાઈ ભીખાભાઈ પટેલ**, રહે. વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પિતાના કાકા **સ્વ. મીઠ્ઠલભાઈ બાપુડીઆભાઈ પટેલ**નું મરણ તા.૦૩/૦૧/૧૯૧૮ના રોજ મોજે. વાંઝણા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## નિલકમલ લિમિટેડ
CIN: L25209DN1985PLC000162
**રજી ઓફિસ:** સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા-ખાનવેલ રોડ, વસોના ગામ, સિલ્વાસા - ૩૯૬૨૩૦
(કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ)
ફોન નં.: ૦૨૨-૪૨૩૫૮૮૮૮ • વેબસાઇટ: www.nilkamal.com • ઇમેલ: investor@nilkamal.com

Nilkamal

**નિલકમલ લિમિટેડના ફિઝિકલ (ભૌતિક) શેરના ટ્રાન્સફર અને ડીમટીરિયલાઇઝેશન માટે સ્પેશિયલ વિન્ડો**

આથી સૂચના આપવામાં આવે છે કે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) દ્વારા જારી કરાયેલ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના પરિપત્ર સંદર્ભ ક્રમાંક: HO/38/13/11(2)2026-MIRSD-POD/1/3750/2026 ("સેબી પરિપત્ર")ની જોગવાઈઓ મુજબ, કંપનીના એવા ફિઝિકલ શેર કે જે ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા ખરીદવામાં/વેચવામાં આવ્યા હતા, તેના ટ્રાન્સફર અને ડીમટીરિયલાઇઝેશન (ડીમેટ) ની સુવિધા માટે ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી એક વર્ષના સમયગાળા માટે "સ્પેશિયલ વિન્ડો" ખોલવામાં આવી છે.

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે સ્પેશિયલ વિન્ડો દરમિયાન કયા ટ્રાન્સફર વિનંતીઓ માન્ય ગણાશે તે સમજવા માટે નીચેના કોષ્ટકનો સંદર્ભ લેવો:

| ટ્રાન્સફર ડીડના અમલીકરણની તારીખ | શું ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા ટ્રાન્સફર માટે રજૂ કરવામાં આવ્યા હતા? | શું અસલ સિક્યોરિટી સર્ટિફિકેટ ઉપલબ્ધ છે? | શું હાલની વિન્ડોમાં રજૂ કરવા પાત્ર છે? |
|---|---|---|---|
| ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલા | ના (આ નવી રજૂઆત છે) | હા | ✓ |
| | હા (તે અગાઉ નકારવામાં/ પરત કરવામાં આવ્યા હતા) | હા | ✓ |
| | હા | ના | × |
| | ના | ના | × |

શેરધારકોએ એ પણ નોંધ લેવી કે માત્ર તેવી જ વિનંતીઓ ધ્યાનમાં લેવામાં આવશે જેની સાથે અસલ શેર સર્ટિફિકેટ(સ), ટ્રાન્સફર ડીડ(સ) અને સેબી પરિપત્રમાં જણાવ્યા મુજબના અન્ય ફરજિયાત સહાયક દસ્તાવેજો સામેલ હશે.

તે મુજબ, જે શેરધારકો અને અન્ય વ્યક્તિઓની ટ્રાન્સફર વિનંતીઓ નકારવામાં આવી હતી / પરત કરવામાં આવી હતી / ધ્યાનમાં લેવામાં આવી ન હતી / રજૂ કરવામાં આવી ન હતી, તેમને આ તકનો લાભ લેવા અને જરૂરી દસ્તાવેજો સબમિટ કરવા અને જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવા માટે કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડનો (આરટીએ) નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે:

**એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ**
**યુનિટ:** નિલકમલ લિમિટેડ; **સરનામું:** સી-૧૦૧, એમ્બેસી ૨૪૭, એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૩. **ફોન નં.:** ૦૨૨-૪૯૧૮૬૨૭૦;
**ઇમેલ:** rnt.helpdesk@in.mpms.mufg.com.

આ સંદર્ભમાં વધુ માહિતી માટે, સંબંધિત શેરધારકો કંપનીનો investor@nilkamal.com પર અથવા આરટીએનો rtn.helpdesk@in.mpms.mufg.com પર સંપર્ક કરી શકે છે.

**નિલકમલ લિમિટેડ** વતી
(સહી/-)
**સાગર મહેતા**
**કંપની સેક્રેટરી અને કોમ્પ્લાયન્સ ઓફિસર**
આયસીએસઆય સભ્યપદ નં.: A 44900

સ્થળ: મુંબઈ
તારીખ: ૧૦.૦૬.૨૦૨૬

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૯/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી અમૃતભાઈ પરભુભાઈ પટેલ,**
**રહે.** હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, હરણગામ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમૃતભાઈ પરભુભાઈ પટેલ**, રહે. હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના કાકાશ્રી **સ્વ. રતનભાઈ ફકીરભાઈ પટેલ**નું મરણ તા.૧૨/૦૭/૧૯૯૦ના રોજ મોજે. હરણગામ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૧૦/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી અમૃતભાઈ પરભુભાઈ પટેલ,**
**રહે.** હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, હરણગામ, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમૃતભાઈ પરભુભાઈ પટેલ**, રહે. હરણગામ, સુધાવાડી નવા ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના દાદીશ્રી **સ્વ. મંછીબેન ફકીરભાઈ પટેલ**નું મરણ તા.૨૫/૦૬/૧૯૭૫ના રોજ મોજે. હરણગામ, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**(મિતેશ પટેલ)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**ચીખલી**







